(જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમ ઇન્સ્તીત્યુત તરફથી મુફત વહેંચાયલું
ચોપાન્યું. નં૦ ૨.)

સરોશ યજદનું કુદરતની
તમામ
પેદાયશમાં મ્હાન કાર્ય.

જન્મતાંને વાર, જીંદગી દરમ્યાન, તથા ગુજર પામવા બાદ
બરજીસી જીરમને લગતા જરથોશ્તી ઊરવનને માટે
સરોશ યજદની પનાહમા ચાલુ રહેવાની જરૂર.

તમામ "દરૂજી" સામે "સરોશ"થી
મળતા બચાવ.

આ દુન્યા ઉપર દાદાર હોરમજદ તરફથી વાઇસરોય મીસાલ

સરોશ યજદની હકુમત.

સરોશને લગતા કેટલાક અવસ્તાના ફકરાઓની તાવીલ:
તે તાવીલ ઊપરથી અવસ્તામાં સમાયલા "રમજ" યાને ભેદની સાબેતી:
તે "રમજ" ઊકેલવા માટે "ક્ષ્નૂમ" નાંજ જ્ઞાનની ચાવી મેળવવાની
ખાસ જરૂર.

(જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમને આધારે)

લખનાર—મી૦ બેહેરામશાહ નવરોજજી શરાફ.
"જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમ" ના ઉસ્તાદ, તથા જરથોસ્તી
ઇલ્મે ક્ષ્નૂમ ઇન્સ્તીત્યુતના માલેક.

ઈ૦ સ૦ ૧૯૧૫. [સર્વ હક્ક સ્વાધીન.] ય૦ જ૦ ૧૨૮૪.

આ ચોપાન્યું મુંબઈની જરથોસ્તી ઇલ્મે ક્ષ્નુમ ઇન્સ્તીત્યુતના માલેક તથા ઊસ્તાદ મી૦ બેહેરામશાહ નવરોજજી શરાફ માટે અરદેશર બોમાનજી દુબાશે મુંબઈ કોટમા નં૦ ૭, ૯, ૧૧, ૧૩, કાવસજી પટેલ સ્ટ્રીટ ખાતે દફતર આશકારા પ્રેસમા છાપ્યું છે, અને એરચશાહ બીલ્ડીંગ, હોર્નબી રોડ, ઊપર આવેલી જરથોસ્તી ઇલ્મે ક્ષ્નુમ ઇન્સ્તીત્યુતની ઓફીસમાથી પ્રગટ કરવામા આવ્યું છે. મુંબઈ ૧.

જંદ-અવસ્તા માફક દરેક જરથોશ્તી કુટુંબમાં રાખવા લાયક!
[illegible] નકલો [illegible] બાકી છે! ફરીથી આવી તક કદાચજ મળે!

જરથોશ્તી ધર્મની અસલ રોશનીના તલબગારોને માટે નાદર તક!

જે પ્રમાણે વિજળીની યા બીજી દરેક સાયન્સ સમજવા માટે તેનોજ ખાસ અભ્યાસ તેના પોતીકા લોગતો (Technical Terms) મારફતે પહેલાં કરવો પડે છે, તેજ પ્રમાણે જરથોશ્તી ધર્મ પણ સૌથી મહાન સાયન્સ ('ફરહન્ગાંન ફરહન્ગ'=The Master-Science) હોવાથી તેની પોતીકી ફીલસુફી ખોલવા માટે તેનાજ લોગતો તેના અસલ સ્વરૂપમાં પહેલાં સમજવાં જોઈએ. પોતાને મનગમતા વિચાર પ્રમાણે દરેક શખ્સે ગમે તેમ જરથોશ્તી ધર્મ સમજવો અને સમજાવવો તે કાંઇ અસલ ધર્મની રોશની નહીજ કહેવાય. અસલ રોશની એકજ હોઇ શકે, જ્યારે હાલની સમજણો તો અનેક છે.

જરથોશ્તી ધર્મની પોતીકી અસલ બુલંદ ફીલસુફી ને સમજણ તમને ક્યારે આવી મળે એવી અંતઃકરણની ખાહેશ શું તમને તમારી જીંદગીમાં એકબી દીન નથી થઈ?

તો, અય જરથોશ્તી દએનની અસલ ફીલસુફીના સાચ્ચા ઉમેદવાર!

જરૂર ખરીદો અને વાંચો,

જરથોશ્તી ઈલ્મે ક્શ્નૂમ સીરીઝ,

નં૦ ૧ લું તથા ૨ જું.

લખનાર: મો૦ બેહેરામશાહ નવરોજી શરાફ.

જરથોશ્તી "ઇલ્મે ક્શ્નૂમ" મારફતે જરથોશ્તી દએનના જે ખુલાસાઓ અપાય છે તે, અસલ હોવાથીજ, આટલા બધા અક્કલપસંદ, મન તથા અંતઃકરણને રાહત અને ખરી ખુશાલી બક્ષનારા રહે છે.

નં૦ ૧લા માં જરથોશ્તી દએનમા શું શું કુદરતના કાયદાઓ તથા જીંદગીની નેમો છે તે સમજાવવામાં આવ્યા છે; જ્યારે નં૦ ૨ જામાં ફકત સફેદ રૂનાં આપણા સુદરેહમાં શું કુદરતની બુલંદ હકીકત તેમજ સાયન્ટીફીક અસરો આપણા પેગામ્બર સાહેબે સમાવી દીધી છે તે તુલોતવીલ સમજાવ્યુ છે.

સોનેરી ઍમ્બોસ કીધેલી આખી સુદ્રી-કુશ્તીની આકૃતીનાં શોભતાં કપડાંનાં પુઠાંમાં સરઅવસરે ભેટ આપવા લાયક કેતાબો!

કીમ્મત: નં૦ ૧ લું—૧૨) આના (પોસ્ટેજનો એક આનો).
નં૦ ૨ જું—રૂ. ૧-૮ (પોસ્ટેજના બે આના).

બહારગામ વી૦ પી૦ થી મોકલાવીશું.

લખો: (૧) જરથોશ્તી ઈલ્મે ક્શ્નૂમ ઈન્સ્ટીટ્યુટ,
એરચશાહ બીલ્ડીંગ, હોર્નબી રોડ, કોટ, મુંબઇ.
(૨) ધી પારસી વેજીટેરીયન એન્ડ ટેમ્પરન્સ સોસાયટી,
૨૪-૨૮, પારસી બજાર, મુંબઇ.

ખુલાસો.

આપણા જરથોસ્તી મજહબની બુલંદી સમજાવવાને માટે જાહેરમાં મુજ ખાકસાર તરફથી અત્યાર સુધીમાં જે કોશેશો કરવામાં આવી છે, તે ઉપરથી દીનદાર ભાઈઓ અને બહેનો જોઈ શકયાં હશે કે ખચીત બેશક મજદયસ્ની જરથોસ્તી દએન કેટલી બધી મોતેબર છે, તથા આ મોતેબરીને લીધેજ—સૃષ્ટિ રચનાનો તથા ઉરવાનને આગળ વધારવાનો અખંડ કાયદોજ જરથોસ્તી દીન હોવાને સબબેજ—"દએને બેરેજિશ્ત" યાને બુલંદમાં બુલંદ કાયદો (The Law, loftiest of the lofty) એમ આપણી માજદયસ્ની જરથોસ્તી દીનને ઓળખવામાં આવે છે. જરથોસ્તી દએનની થોડીએક બાબદો મારાં હમદીન ભાઈઓ અને બહેનો જેઓ પોતાની આ બુલંદ જરથોસ્તી દીન વિષે મહેજ સાજ સચ્ચાઈ અને ખરી અસલ બીનાઓ જાણવાને તલબગાર રહે છે, તેઓની ખાહેશને અનુસરીને મુજના ખુદાના ચાહવાથી જે જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમ ઇન્સ્તીત્યુતના કલાસો મારફતે, "જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમ સીરીઝ" નામની ચોપડીઓ મારફતે, તથા જાહેર ભાષણો મારફતે, ઉસુલ્યાતી દીની ગ્નાન ચોક્કસ દરજજે કોમમાં ફાહેલ કરવાની ધીમી ધીમી કોશેશો કરવા માંડી છે, તેમાં એક ચોથે મરતબે જુદાજ પ્રકારની કોશેશનો વધારો થવા પામ્યોછે, અને તે જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમની કોઈ ઘણીજ અગત્યની બાબદો મોટા પાયા ઉપર તમામ હમદીન બસ્તેકુસ્તીઆન ઉમ્મત યાને કોમ જાણવાને ભાગ્યશાળી થાય તેવી મતલબથી ચોપાન્યાંના આકારમાં જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમના લખાણોનો ફેલાવો કરવાની કોશેશ છે.

ગયા ૧૯૧૩ ના સાલમાં રેવાજી નવરોજના મુબારક દીવસ ઉપર "જરથોસ્તી દએન પ્રમાણે મરણ પછી ઉરવાનની હાલત, તથા શરૂઆતના ચાર દીવસો અને ત્યાર પછી કરવામાં આવતી ક્રીયાઓ" એવાં મથાળાં સાથનાં આશરે ચાલીસ પાનાનાં ચોપાન્યાંની પાંચ હજાર નકલ બસ્તેકુસ્તીઆંન કોમને ભેટ કરવામાં આવી હતી, અને ત્યારપછી એવીજ રીતે આપણી "દએને બેરેજીશ્ત" યાને બુલંદમાં બુલંદ દીનને લગતી ગ્નાનની રોશનીનો ફેલાવો કરવા માટે આ બીજું ચોપાન્યું હમદીનોની તલબગારી ખાતર આપવામાં આવેછે. અલબતાં આવાં ચોપાન્યાં અવારનવાર આપવાની ઘણી જરૂર છે, કારણકે હાલમાં

આપણી કોમમાં અસલ જરથોસ્તી દએનનું વાસ્તવીક મોતેબર શિક્ષણનો ફેલાવો કરવાની ખાસ જરૂર હોય એમ ઘણી દીશાએથી માલમ પડે છે, પણ તેમ ચોપાન્યાં બહાર કહાડવાનું ચાલુ બની શકે તેમ નથી, કારણકે તેવી જોગવાઇ કરી આપવા માટે તાલેબ-ઇલ્મ યાને ઇલ્મની તલબ કરનારાં ગૃહસ્થો તથા બાનુઓની દીલસોજીભરી મદદની જરૂર છે.

આ બીજું ચોપાન્યું જેમાં "સરોશ" ની બાબદનો ઉપરટપકે-થી સહેજ ખ્યાલ આપવાની કોશેશ કરવામાં આવી છે, તે બાબદ ધ્યાનથી વાંચ્યા પછી જો વાંચનારાં હમદીન બાનુઓ તથા ગૃહસ્થોને જરથોસ્તી દએનની મોતેબરીનો ઉમદા વીચાર તથા તેમાં સમજાવેલાં સૌથી બુલંદ જ્ઞાન ઉપરથી વખ્શુરે વખ્શુરાંન રહ્જગો અશો સ્પિતમાન જરથુસ્ત્ર સાહેબની હોરમજદી બસારત પામેલી "આસ્ને વીર" નામની સૌથી ચહડતાંમાં ચહડતી અક્કલ અને સમજશક્તિનો ઉમદા વિચાર બરપા થશે, અને પોતાના અંતઃકરણમાં આ "સરોશ" ની બાબદ ઉપરથી જરથોસ્તી દએનની મોતેબરી તથા જરથોસ્તી દએન તરફની સંપુર્ણ ફેદાગીરી અને જાનફેશાનીની છાપ કોતરાઇ રહેશે તથા જરથોસ્તી દએનને લગતાં ઉરવને સરોશની પનાહ હેઠળ ચાલુ કાંય રહેવું જોઇએ, અને સરોશ સાથે દમેદમ સંબંધ જારી રાખવા માટે શું શું રીતીઓ તથા તરીકતો અને અશોઇના કાયદાઓ દરરોજ જીંદગીમાં અખત્યાર કરવા જોઇએ તથા મરણ બાદ આવી રીતનો સરોશ સાથનો રાખેલો સંબંધ ઉરવનને કેટલોબધો ખુશાલ કરનાર મદદગાર થઇ પડેછે તે બાબેના વીચારો દરેક વાંચનાર હમદીનના મગજમાં રમતા થશે, તો આ ચોપાન્યાંને બહાર પાડવા માટે જે "મીશ્ર" યાને વીચારો અમલથી રાખવામાં આવ્યાછે તે "મીથ્ર" નો ભલો ઇન્ફાલ યાને નતીજો આવવાની આશા ખુદાની મહેરબાનીથી રાખી શકાશે.

મારે બાકઆરીથી એક ચેતવણી આપવાની જરૂર છે કે જર-થોસ્તી ઇલ્મે ક્ષ્નૂમની બાબદો તદન બાતેન યાને અણદીઠ બાબદો તથા બીજી અણદીઠ આલમોને લગતી છે, તેથી તે બાબદો સમજતી વખતે બહુજ ધીરજથી વાંચવાની મેહેરબાની કરવી; અને છતાં હાલમાં ઘણા-એક લોકોની મગજશક્તિની પ્રકૃતિ સ્થુળ દુન્યવી જ્ઞાન તથા ચીજોને લાયકની ખીલેલી હોવાને લીધે, જો આ જરથોસ્તી દએનના ઇલ્મે ક્ષ્નૂમનાં લખાણો નહી સમજ પડે યા તે બાબે સવાલો ઉભા થાય તો ફક્ત ભવિષ્યમાં વધુ બાબદો જાહેરમાં આવે એવી આશા ફુવા ગુજારવાની

અરજ કરવામાં આવે છે, કે જેથી જેમ જેમ વધુ ખુલાસાઓ જરથોશ્તી ધરમે ક્નૂમની જુદી જુદી બાબદો સમજ્યાથી મળતા જશે તેમ તેમ આપણી સ્થુળ મગજશક્તિ આ બાતેન અને નહી સમજ પડે તેવી બાબદોને થોડે ઘણે દરજ્જે પચાવવાને શક્તિવાન થઇ શકશે !

આ ખુલાસો ખતમ કરતાં જરથોશ્તી ધરમે ક્નૂમ ફાહેશ કરવા માટે જે મારેફત ખુદાની મેહેરબાનીથી જરથોશ્તી ધરમે ક્નૂમ ઇન્સ્તી-ત્યુતને નામે કાર્ય કરે છે તેની જે નેમો આ "સરોશ" ની બાબદ પુરી થવા પછી પાછળ આપવામાં આવીછે તે ઉપર હમદીનોનું ધ્યાન ખેંચી, દાદાર હોરમજદ, અમશાસ્પંદો, અને બીજી નૂરી શક્તિઓને યાદ કરી, વખશુરે વખશુરાંન રજગો અશો સ્પિતમાન જરથુસ્ત્ર સાહેબ તથા તેવણ સાહેબના તમામ જાયનશીનો સાથનો સીલસીલો ધરાવનારા મારા માનવંત ઉસ્તાદ સાહેબ દસ્તુરાંન દસ્તુર સોષાવરેજ મર્જબાન સાહેબ તરફની પુર માન અને એહેશાનની લાગણી સહીત સાહેબ દેલાન સાહેબો જેઓ હજીબી ઇરાન સરજમીન ઉપર જરથોશ્તી દએનના બુલંદમાં બુલંદ ધરમને સાચવી રહ્યા છે તેઓ આપણી ઉપર નેગેહબાન રહે એવી દુવાના મીશ્ર સાથે,

લા૦ બેહેરામશાહ નવરોજી શરાફ.

માછલીપીઠ,
સુરત, તા૦ ૫-૮-૧૯૧૫

ગાથામાં મળતો "દ્દનૂમ" શબ્દ.

"દ્દનૂમ" શબ્દ ખુદ આપણા અસલથી માન પામેલા મોતેબર ફ્રુષ્રોમાંશ્રના કલામો એટલે કે "ગાથા" ના કલામોની અંદર ખાસ વપરાયલો છે, અને તેટલા માટે આપણ બસ્તે ફુસ્તીઆંનોએ "દ્દનૂમ" યાને ખરેખરા દીની ગ્નાન માટે કાંય જાનફેશાનીથી તલબગારી કરવી જોઇએ, તથા "દ્દનૂમ" શબ્દ અસલ અવસ્તા શબ્દજ છે, અને "દ્દનૂમ" ના ગ્નાનનો મરતબો સર્વથી બુલંદ છે, એમ બરતેફુસ્તીઆંન વાંચનારાઓનુ ધ્યાન ખેંચવાની ખાસ મતલબથી ગાથાના બે અગત્યના ફકરા હ્યાં જણાવવામાં આવે છે:–

> અત તોઇ અંધહેન સઓષ્યન્તો દખ્યુનાંમ,
> યોઇ **દ્દનૂમ** વોહૂ મનંઘહા હ્યાઓન્તે,
> ષ્યઓથનાઇશ અષા ઽવહ્યા મજ્દા સેંગહ્યા
> તોઇ જી દાતા હમએરતારો અએષેમહ્યા.
>
> સ્પેન્તોમદ ગાથા, હા ૪૮; ફ ૧૨.

"વીબાગીના સોશ્યંતો તેઓ છે કે જેઓ, અએ મજ્દા! તારાં ફરમાનોની અમલ્યાતથી અષોઇ તથા ભલાં મનની મારફતે "**દ્દનૂમ**" યાને દીની ઇલ્મની પુઠ ચાલે છે. ખચીત તેઓ "અએષમ" યાને જોસવરમાં જોરાવર દરૂજીની સામે થનારા તરીકે મુકરર થાય છે."

નોંધ:– અવસ્તાના મશહુર અભ્યાસી બહેસ્ત–બહેરે એરવદ કાવસજી એદલજી કાંગા પોતાની "ગાથા બા માએની" નામની કેતાબમાં "દ્દનૂમ" બાબે જણાવે છે કે '"દ્દનૂમ" નો અર્થ ફારસી 'મઅરેફત' ની મતલબે 'ખોદાને પીછાનવાનો એલમ, પુરતુ ધર્મ ગ્નાન' લેવો. ધાતુ દ્દનુ=સં. દ્દના=શનાખ્તન (ફારસી)=પીછાણવુ, તીક્ષ્ણ બુદ્ધિ (મિલ્સ); વિદ્યા (હારલે), સંતોષ (સ્પીગલ), ખુશાલી (દારમેસ્તેતે).'

> અતચા હોઇ સ્ચન્તૂ મનંઘહા ઊખ્દાઇશ ષ્યઓથનાઇશચા
> **દ્દનૂમ** મજ્દાઓ વહમાઇ આ ફ્રઓરેત યસ્નાંસ્ચા
> ફ્વચા વીશ્તાસ્પો જરથુશત્રિશ સ્પિતામો ફ્રેષઓસ્ત્રસ્ચા
> દાઓંઘહો એરેજૂશ પથો યાંમ દએનાંમ અહુરો સઓષ્યંન્તો દદાત.
>
> —વહિશ્તોઇશ્ત ગાથા, હા ૫૩; ફ. ૨.

"ત્યારે તો તેને યાને મીઅ્ર, માંશ્ર, તથા કરીના મારફતે "દ્દનૂમ" યાને દીની ઇલ્મ તથા "યસ્ન" યાને 'સ્તોત મારફતે એકતાન થવાની ક્રીયાઓ' તરફ એતેકાદ રાખનારને મજ્દાની પરસ્તેશ કરવાને માટે સ્પિતમાન જરાતોશ્ત સાહેબની દીન કબુલ કરનાર કએ ગુશતાસ્પ તથા દીન–આગાહ ફરશોસ્તર રાસ્તીના માર્ગો જે સોશ્યંતોની દીન તરીકે અહુરાએ મુકરર કીધેલી છે તે શીખવશે."

સરોશ યજદનું કુદરતની
તમામ
પેદાયશમાં મહાન કાર્ય.

જન્મતાંને વાર, જીંદગી દરમ્યાન, તથા મરણ બાદ બરજીસી જીરમને લગતાં ઉરવાનને માટે સરોશ યજદની પનાહમાં ચાલુ રહેવાની જરૂર.

તમામ "દરૂજી" સામે સરોશથી મળતો બચાવ.

ખનીરથબામી ઉપર હોરમજદના વાઈસરોય મીસાલ સરોશ યજદ.

સરોશને લગતા કેટલાએક અવસ્તા ફકરાઓની તાવીલ ઉપરથી અવસ્તામાં સમાયલા રમ્જ યાને ભેદ ઉકેલવા માટે "ક્ષનૂમ" નાંજ જ્ઞાનની ચાવી મેળવવાની ખાસ જરૂર.

લખનાર—મી૰ બેહરામશાહ નવરોજી શરાફ,

"જરથોશ્તી ઈલ્મે ક્ષનૂમ" ના ઉસ્તાદ તથા "જરથોશ્તી ઈલ્મે ક્ષનૂમ ઈન્સટીત્યુત" ના માલેક.

જરથોશ્તી ઈલ્મે ક્ષ્નૂમને જાળવી રાખનારા માનવંત સાહેબ દેલાંન સાહેબોનો ઉપકાર.

ખલકતના પેદા કરનાર દાદાર હોરમઝદના શુક્ર ગુજારી, અમશાસ્પંદો, માનો, દએ, ફરરોખ, તથા યજદોના તનાસુલી સીલસીલાથી વખશુરે વખશુરાંન રજ્જગો અશો સ્પિતમાન જરથુશ્ત્ર સાહેબને જાનફેશાની સાથ યાદ કરી, ફરીથી એકવાર જરથોશ્તી દીનનાં અસલ શિક્ષણ યાને "ઇલ્મે ક્ષ્નૂમ" ની મારેફતથી એક ઘણીજ અગત્યની બાબદ વિષે હમદીનોનું ધ્યાન ખેંચતી વખતે તે માનવંત સાલેકો—ઇરાંન સરજમીન ઉપર અશોઇથી ચાલુ જીંદગી ગુજાગનારા "સાહેબ દેલાંન" સાહેબોના પાસબાન તથા મારા માનવંત દસ્તુરાન દસ્તુર સ્રોષાવરેજ મર્જબાનજી સાહેબ તરફના ઉપકાર તથા એહેશાનની જોશભેર લાગણી સહીત જમશેદી નવરોઝના મુબારક પ્રસંગે આ વિષય ખાકસારીથી શરૂ કરવાની રજા લઉં છું.

૧૯૧૩ ના "સાંજ વર્તમાન" ના મુબારક પતેતી અંકમાં જે લખાણ 'જરથોશ્તી ધર્મની દરેકે દરેક બાબદ સમજવાને માટે ફક્ત એકજ ખરેખરૂં સાધન—ગાથામાં જણાવેલું "ક્ષ્નૂમ" છે તેની અગણીત સાબેતીઓમાંની થોડીક સાબેતીઓ' એ મથાળાં હેઠળ આપવામાં આવ્યું હતું તે વાંચ્યા પછી જરથોશ્તી દીન કેટલી બધી મોતેબર છે, તથા એ દીનને "દએને બેહેરીશ્ત" યાને બુલંદમાં બુલંદ દીન તરીકે કાંય ઓળખવામાં આવે છે તેનો કંઇક ખ્યાલ હમદીન મુનસફ મીજાજ યાને બીન તાસુબીથી વાંચનારાઓને આવ્યો હોશે. એ અંકમાં આપેલી બાબદમાં જે જે મરકજો (Points) સમજાવવામાં આવ્યાં છે તે મરકજો જો વાંચનારને ધ્યાનમાં હશે તો આ લખાણ જે અલબતાં સાધારણ રીતે સમજવા માટે ઘણું મુશ્કેલ જેવું થઇ પડે એવું છે તોપણ તે લખાણમાંની બાબદોનાં સંબંધમાં આ હાલનું લખાણ સમજવામાં ઘણી સવળતા માલમ પડશે.

અણદીઠ હેયાતીઓ છે જ—

માનવીની બંધારણ રચના (Human constitution) ના નવ વીભાગો —બધી મળીને ચાર આલમો.

જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમ મારફતે હવે આપણે જાણવા લાગ્યાં છીએ કે જરથોશ્તી દએનનાં શિક્ષણ મુજબ—કે જે દએનં ગોયા સૃષ્ટિ રચનાનો અખંડ કાયદોજ છે તે દએન મુજબ—આપણી આસપાસ દેખીતી ચીજો ઉપરાંત, બીજી અણદીઠ હેયાતીઓ પણ કાર્ય કરી રહી છે. ખુદ માનવી

તરીકે આપણું પોતાનું બંધારણ પણ અણદીઠ ચીજો ધરાવે છે, અને જેમ જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમ સીરીઝ નં૦ ૧ માં જણાવવામાં આવ્યું છે તેમ, આપણું બંધારણ—"તનુ યાને ખાકી શરીર, ગએથા યાને અંદરનાં અવયવો, અજદ યાને મવાદનું શરીર, ઉશતાન યાને સજીવન શક્તિ, કહેરપ યાને સુક્ષ્મ શરીર, તેવીષી યાને વાસ્નાઓનું રહેઠાણ, ઉરવાન યાને રવાન (Soul), બઓદંઘહ યાને મીનોઇ ગ્નાનની રોશનીનો પ્રકાશ તથા ફ્રવષી"—એમ નવ ચીજોનું બનેલું છે. એજ પ્રમાણે આપણી આસપાસ આ ગેતીની દુન્યા યાને દેખીતી આલમ ઉપરાંત બીજી ત્રણ અણદીઠ આલમો જેવી કે મીનોઈ, જીરમાની, અને અસ્વાહુી કાર્ય કરે છે, અને આ અણદીઠ આલમોની સાથે પુષ્કળ અણદીઠ શક્તિઓ (Unseen forces) કાર્ય કરી રહી છે, કે જે શક્તિઓમાંની ભલાઇની બાજુએ-અસરે રોશનીની બાજુએ-કાર્ય કરનારી શક્તિઓને આપણે સાધારણ રીતે અમશાસ્પંદો, યજદો, મીનો વગેરેને નામે ઓળખ્યે છીએ. આ બધી બાબદો વિશેના ઇસારા જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમ સીરીઝ નં૦ ૧ કે જે હાલ થોડો વખત થયો બહાર પાડવામાં આવી છે, તેમાં કરવામાં આવેલા છે, માટે ત્યાં વધારે લંબાણ જણાવવાની જરૂર નથી.

"જીરમ" નો કાયદો જરથોસ્તી "ઈલ્મે ક્ષ્નૂમ" જ સમજાવે છે—

"જીરમ" ના મરતબા પ્રમાણે જુદાં જુદાં ઉરવાનો તથા

જુદા જુદા ધર્મો—

દરેકે પોતાનોજ ધર્મ પાળવાની જરૂર.

આ બધી બાબદો ઉપરાંત ઇલ્મે ક્ષ્નૂમના શિક્ષણે જે ખાસ બાબદ (અત્યાર સુધી કોઇનેબી નહિ જણાયલી) ઉપર આપણું ધ્યાન ખેંચ્યું છે તે, "જીરમ" ને લગતી બાબદ છે. સાત "જીરમ"* યાને સાત ગ્રહોની જુદી જુદી ખાલેસ (Simple) તેમજ મુરક્કબ (Compound) અસરો પ્રમાણે દરેક ઉરવાનો કેવી રીતે જુદા જુદા વર્ગનાં થઇ ગયાં છે, તથા આ સાત જીરમોની અસરો મુજબના ઉરવાનોને પગથીયે

---

* જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમ પ્રમાણે, સાત "જીરમ" નાં નામ, સાતે આસ્માનોનો અનુક્રમ અહીંથી લેતાં નીચે મુજબ છે :

(૧) દએ યાને ચંદ્રમા; (૨) તારદ યાને બુધ; (૩) નાહીદ યાને શુક્ર; (૪) ખુર યાને રવી; (૫) હાસીમ યાને મંગળ; (૬) બરજીસ યાને ગુરૂ; અને (૭) કયવાન યાને શની.

પગથીયે કુદરતનાં માર્ગમાં આગલ વધવા માટે તે ઉરવાનોનાં મરતબાને લાયકનાજ જુદા જુદા ધર્મો અને તાયકાઓ વગેરે કેવા ચોકસ કાયદાથી (Systematically) વર્ગ થઇને વહેંચાઇ ગયા છે—એ સૌથી પહેલી અગત્યની બાબદ ઉપર—મીનોઇ માર્ગ ઉપર આગલ વધવા ચાહનાર ઉમેદવારને માટે બીલકુલ અખારા નહિ કરી શકાએ એટલી બધી અગત્યની એ બાબદ ઉપર—જરથોસ્તી "ઇલ્મે ક્ષ્નૂમ" આપણું ધ્યાન ખેંચે છે, અને આપણી આંખો ઉંઘાડે છે. "ઇલ્મે ક્ષ્નૂમ" આપણને શીખવે છે કે, દરેક ઝરમની અસર પ્રમાણેના જુદાં જુદાં ઉરવાનો પોતપોતાના ઉરવાનીક બંધારણો (Spiritual constitntions) ના મરતબામાં ફેરફાર હોવાને લીધે પોતપોતાને લગતા ધર્મની તરીકતો પાલ્યાથીજ મીનોઇ માર્ગમાં તે ઉરવાન આગલ વધી શકશે, કારણકે દરેક ઝરમના ધર્મોની તરીકત **તેજ** ઝરમને લગતાં ઉરવાન માટેનો લાયક ખોરાક છે, અને તેઓના માટે દરેકે **પોતપોતાના ધર્મનીજ તરીકતનું વાજબી શિક્ષણ મેળવી તે પ્રમાણે અમલ કરવાની જરૂર છે.** આપણે સમજાઓ હંમેશાં યાદ રાખીશું કે બધાં ધર્મો બરહક છે, પણ ફકત મરતબામાંજ ફેર છે, કારણકે પોતપોતાની ઝરમના મરતબા પ્રમાણે, કુદરતમાં વૃદ્ધિમાં કેટલું આગલ વધવાનું છે તે બરાબર પીછાણીનેજ દરેક ધર્મના સ્થાપક મહાન પુરૂષોએ પોતપોતાના ધર્મોના શિક્ષણ આપેલાં છે.

આટલી શરૂઆતની બીનાઓ ધ્યાનમાં રાખીને હવે આપણે મૂળ બાબદ હાથ ધરીશું.

જરથોસ્તીઓમાં જાણીતો શબ્દ: સરોશ.

"સરોશ યઝદ" નું મુબારક નામ આપણા જરથોસ્તીઓને ઘણુંજ જાણીતું છે. જો કદાચ તેત્રીસ ફરેસ્તાઓનાં નામ કોઇને નહીબી આવડતા હશે, તોપણ સરોશ યઝદનું નામ તો તે શખ્સને જાણીતું હોવુંજ જોઇએ. આ "સરોશ" ને લગતી બાબત એટલી તો બહોલી છે કે તેને વિષે ફકત "સરોશ યશ્ત હાદોખ્ત" અને "સરોશ યશ્ત રાતની વડી" એ બે યશ્તોમાંથી એક એક નાનું વાકય લઇને શરેહ કરવામાં આવી હોય,—કે જે એકજ વાકયની શરેહ એક ઘણું લાંબું લખાણ થવા જાય—તોબી "સરોશ" ની બાબદ સમજવાની અધુરી રહી જાય એમ છે.

તેટલા માટે હાલ તુરત આપણે ઘણુંજ ટુંકામાં અને તેબી સરોશને લગતી ચોકસ થોડીજ બાબદો હાથમાં લઇશું, અને તે ઉપરથી **જનમલાંને**

બાદ, જીંદગી દરમ્યાન તથા મરણ બાદ એક જરથોસ્તી ઇનસાનને લગતાં જરથોસ્તી ઉરવાને સરોશ યઝદ સાથનો સંબંધ શા માટે જારી રાખવોજ જોઇએ, અને સરોશનો સીલસીલો ઉરવાન સાથે જાળવ્યાથી, ઉરવાન નીસ્તીમાંથી હસ્તીમાં જવા માટે—ઉરવાનને ઉરૂ (unfold) થવાને માટે—અહુરમઝદ નજદીક આગલ વધવાને માટે—ઉરવાનને પોતાની જન્મ લેવાની મહાન નેમ પાર પાડવાને માટે આ સરોશ યઝદ કેટલો બધો ઉપયોગી તથા અગત્યનો રાહબર પાસ્બાન થાય છે, તેનો કંઇક વિચાર આપણે બાંધી શકીશું.

"સરોશ" શબ્દનો અર્થ તથા સરોશ યઝદનું મહાન કાર્ય.

સરોશ યઝદનું કાર્ય તથા **"સરોશ" શબ્દનો અર્થ** સમજીને ધ્યાનમાં લેવાની હવે આપણે કોશેષ કરીશું:—

સરોશના નવ જુદા જુદા મરતબા છે, અને તેટલા માટે એ નવે નવ મરતબાને લગતા ઘણા જુદા જુદા ખાસ અર્થે "સરોશ" શબ્દ આપણા અવસ્તામાં વપરાયલો છે.

ભાષાશાસ્ત્રને આધારે તપાસતાં સરોશ શબ્દ તેનાં મૂળ [સ્રુ= સાંભળવું (to hear)] ઉપરથી "સાંભળનાર, સંભળાવનાર, સાંભળવાની મારેફત, સાંભળેલી ચીજ," વીગેરે અર્થો થઇ શકે છે, અને "સ્રુ= સાંભળવું" કેવી રીતે, સરોશ શબ્દમાં અર્થસુચક રીતે અને વાજબી રીતે વપરાયલો છે તે હવે "ઇલ્મે ક્ષ્નૂમ" ની મદદથી આપણે જોઇશું.

"અહુનવર" નો નાદ તથા ૧૦૦૧ "રતોત" ના નાળાં.

જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમ આપણને જણાવે છે કે, સૌથી પહેલાં છેક ઉપરથી સૃષ્ટિની રચના "અહુનવરનાં નાદ" થી શરૂ થાય છે. આ "અહુનવરનો ઉસુલ્યાતી નાદ" બુનદહેશ નામની આપણી પહેલવી કેતાબ કે જેમાં સૃષ્ટિ રચના (genesis) વિષેનું ગુપ્ત જ્ઞાન સમજાવવામાં આવ્યું છે તેમાં પણ જણાવવામાં આવ્યુ છે તેમ છેક સૃષ્ટિ રચનાની શરૂઆત થવાની આગમજ આ "**નાદ**" હતો. ઇજશનેનાં ૧૯ મા હા પ્રમાણે "તમામ પેદાએશની આગમજ આ અહુનવરનો નાદ હતો." આ અહુનવરનો નાદ એવી તો ભેદી ચીજ છે, કે ગેયા તે તમામ સૃષ્ટિ રચના, દેખીતી તેમજ અણદીઠ, નો મુળ પાયો છે, અને તેટલા માટે દરેકે દરેક પેદાયશની શરૂઆત અહુનવરના ઉસુલ્યાતી નાદથીજ થયલી છે, એમ આપણે બરાબર ધ્યાનમાં રાખીશું.

આ ઉસુલ્યાતી અહુનવરનો નાદ આગલ વધતાં યાને "ફુ" (expand) થતાં ૧૦૦૧ "સ્તોત" ના નાળાંની અંદર વહેંચાઇ જાય છે, કે જે નાળાં વિષેનાં બ્યાન બુનદહેશ કેતાબમાં તેમજ યશ્તોમાં—ખાસ કરીને* આવાં યશ્ત તથા ન્યાએશમાં—મળે છે. આ બધાં ૧૦૦૧ નાળાં ઉપર દેખરેખ રાખવા તથા તેમની ખીશ્કારી યાને સોંપી આપેલું કાર્ય (function) નીયમીત રીતે બજાવવાને માટે અમશાસ્પંદો, મીનો, દએ, ફરેશ્ખ, યજદો તથા "નબા નજદીશ્ત નામ ફ્રવષીનામ" નાં ઉરવાનોને મુકરર કરવામાં આવ્યાં છે, અને આ ૧૦૦૧ નાળાંની વ્યવસ્થા કરનારાંઓને "ગાથા" યાને "મીનોઇ સરદારો" તરીકેનો એલકાબ આપવામાં આવ્યો છે.

"અહુનવર" ના સ્તોતની ખીશ્કારી ઉપર મવક્કલ સરોશ યઝદ.

આ ૧૦૦૧ "સ્તોત" ના નાળાં હજી આગળ વધતાં, યાને જીરમાની આલમમાંથી પસાર થઇને અરવાહી આલમ તરફ આવતાં સૌથી પહેલાજ તબકા આગળ—"આશરે મીનો કરકો!" ની જ્યાં શરૂઆત થાય છે તે તબકા આગળ—"આતશી-કુરરા" નજદીક એ બધાં નાળાંમાંના પ્રવાહો મસાવત થાય છે, યાને એક બીજામાં વણાઇ જાય છે, અને પછી જ્યાંથી "મેહેર" ની શરૂઆત થાય છે ત્યાંથી આ બધા પ્રવાહો મેળસેલ થઇને આ ખનીરથબામી યાને પૃથ્વી ઉપર તબદીલ તેહદીલ—પુશકળ ફેરફારો (Permutations and combinations) થઇને નીચે ઉતરે છે.

આ બધાં ૧૦૦૧ "સ્તોત" નાં નાળાં અહુનવરના અસલ નાદમાંથી થયલાં હોવાને લીધે તેમાં "અહુનવરનાં સ્તોત" યાને અવાજથી ઉત્પન્ન થતા રંગો (Vibrationary Colours) ફેલાઇ રહેલા છે, અને આ બધાં અહુનવરના નાદના ૧૦૦૧ નાળાંમાં વ્યાપી રહેલા અહુનવરના સ્તોતના પ્રવાહોને ખનીરથબામીપર લઇ આવી, તેઓની ખીશ્કારી યાને સોંપી આપેલાં કાર્ય (functions) ઉપર દેખરેખ રાખવાનું મહાન કાર્ય "સરોશ યઝદ"ને સોંપવામાં આવ્યું છે.

---

* જુઓ જરથોસ્તી ઇલ્મે ક્શ્નૂમ સીરીઝ નં. ૨ પાનું ૪૯.

† આ બધા શબ્દો ૧૯૧૩ નાં સાલના "સાંજ વર્તમાન" પતેતી અંકમાં જે બાબદ પાના ૧૭૯ થી ૧૮૭ સુધીમાં આપવામાં આવી છે, તેમાં સમજાવવામાં આવેલા હોવાથી વાંચનારાઓને તેમાં જોઇ લેવાની અરજ કરવામાં આવે છે.

છેક "આતશે બાનો કરકો" આગળથી યાને અરવાહી આલમની શરૂઆતથી આતશી, બાદી, આબી, અને ખાકી કુરરાઓ યાને (planes) વિભાગોમાંથી આ બધા સ્તોતના પ્રવાહોને ખનીરથબામી ઉપર લાવીને તેઓને ઘટતે ઠેકાણે કાયદાસર વહેંચી આપનાર "સરોશ યઝદ" છે.

ઊરવાંનને "સ્તોત"ની જરૂર—
ઊરવાંનને "સ્તોત" પોંહચાડનાર સરોશ યઝદ—
ઊરવાંનને બુલંદીમાં લઈ જનારથી સરોશ.

હવે જરથોસ્તી "ઇલ્મે ક્ષ્નૂમ" પ્રમાણે "સ્તોત" યાને "નાદની ધ્વનીથી ઉત્પન્ન થતા રંગો" દરેક હૈયાતી (existence) નો પાયો છે, અને "નીસ્તી" યાને ઉરવાંનનું નીચે ઉતરવું (Infoldment) પણ "સ્તોત"ને કાયદેજ થયલી છે, તથા "હસ્તી" યાને ઉરવાંનનું પાછું બુલંદીમાં આગળ વધવું (Unfoldment) પણ "સ્તોત"ને કાયદેજ થનાર છે. તેટલા માટે ઉરવાંન જે પોતાના મરતબાને લાયકના "સ્તોત"-ની મદદથી પાછું હસ્તીમાં જવાનું છે, તે "બધા સ્તોત ઉરવાંનને લાયક રીતે પોંહચાડનાર" અશો સરોશ યઝદ છે. હજી ખુલાસાથી બોલયે તો, આ પૃથ્વી યાને ખનીરથબામી તથા અરવાહી આલમમાંના છ અણદીઠ કેશ્વરો વોઉરૂ બરેશ્તી, વોઉરૂ જરેશ્તી, અરેજાહી, સવાહી, ફ્રદદફ્શુ, વીદદફ્શુ—આ બધા તમામ સાતેસાત* કેશ્વરોમાંથી—ખનીરથબામી ઉપરની "તનજ્જુલ" યાને સૌથી ઉતરતી હાલતમાંથી, તેમજ છ કેશ્વરો ઉપરની "તુરફા" યાને જરા વધારે ચહડતી હાલતમાંથી—ઉરવાંનને છેક જીરમાની આલમની "તરક્કી" યાને ઘણીજ ચહડતી બુલંદ હાલતમાં લઇ જનાર તથા દરેકે દરેક ઉરવાંનને તેની અશોઇના મરતબાના પ્રમાણ મુજબ ઘટતા સ્તોતનું પોષણ આપી ચાલુ "તરક્કી"માં ઉરવાંનને આગળ અને આગળ વધારનાર—ગેબી મદદગાર—અશો સરોશ યઝદ છે.

સરોશ સ્તોત પકડનાર (receiver) + સ્તોત આપનાર (transmitter) તરીકે.

આ રીતે સરોશનાં બે મહાન કાર્ય,—ઉપરથી આવતા ૧૦૦૧ નાળાંને લગતા સ્તોતના પ્રવાહોને પકડવાનું (as a receiver) તથા તે સ્તોતના પ્રવાહોને દરેક પેદાએશ તથા ઉરવાંન તરફ લાયક રીતે પહોંચાડવાનું (as a transmitter) આ બે સૌથી મોટા કાર્યો આપણે હંમેશાં ધ્યાનમાં રાખીશું. આ ઉપરથી ખુદ "અહુરા" તરફથી આવતો અહુ-

* જુઓ ૧૯૧૩ નું "સાંજ" પતેતી અંક પાનું ૧૮૦.

નક્ષત્રનો નાદ તથા તે નાદનાં **૧૦૦૧ નામો,** તથા તેમાં વ્યાપી રહેલા ઉત્સુલ્યાતા **સ્તોતનાં પ્રવાહો** તથા **સરોશ યઝદ** અને આપણું **ઉરવાંન** તથા આ **અનીરથબામો**—આ સાત ચીજો કેવી રીતે એકમેક સાથે તદન ગેબી રીતે ચાલુ જોડાએલી રહે છે—આ સાત ચીજો વચ્ચે કેવી ખાસ બેરાદરી (universal brotherhood) છે, તે પણ આપણે મજબુત રીતે ધ્યાનમાં રાખીશું.

સરોશ : ઉરવાંન : માવતર : જન્મેલું કુમળું બાળક;
તેટલા માટે ઉરવાંનને સરોશની પનાહમાં રહેવાની જરૂર.

હવે ત્યારે સરોશ યઝદ પોતે "સાભળનાર" યાને ઉપરથી આવતા સ્તોતનાં પ્રવાહોને પકડનાર (receiver) તથા "સંભળાવનાર" યાને ઉરવાંનને સ્તોતનાં પ્રવાહો પોહચાડનાર (transmitter) કેવી રીતે છે, તે આપણે ધ્યાનમાં લીધું છે, અને આ ઉપરથી આપણા **ઉરવાંન** સાથે દમેદમ અને પળેપળ **સરોશ**નો સંબંધ કેટલો બધો અગત્યના હોવો જોઇએ, તથા આપણા ઉરવાંનને **જનમવાની** પળથીજ, **આખી જીંદગી દરમ્યાન,** તથા **મરણ બાદ** અણુંઠ હાલતમા ઉરવાંનને બસ સરોશનાજ પનાહમા, સરોશના હવાલા (charge) માજ કાંય આપવું જોઇએ, તેનું કારણ હવે આપણને તુરતજ સમજ પડી જાય છે. જે પ્રમાણે એક તુરતનું જન્મેલું બાળક ચોકસ ઉમરે પુગે ત્યાંસુધી તે પોતે તદન પોતાની માવતરની પનાહમાં તથા બરદાસ્તમાં—પોતાની માતાનાંજ "ચાર્જ"માં—રહે છે, તેજ પ્રમાણે આપણાં ઉરવાંનને બીલકુલ સરોશની પાસબાની હેઠળ રહેવું જોઇએ છે. એક જન્મેલાં નાનાં કુમળાં બાળકની જેવી નાચાર હાલત છે તેવીજ હાલત—બલકે તેથીબી હજી વધારે લાચાર હાલત—આપણું ઉરવાંન "નીસ્તી"ના માર્ગમાં "અરવાહી આલમની શરૂઆતનાં તબકા નજદીક" ગબડી પડે છે ત્યારથી તે બનીરથબામી સુધી—અને બનીરથબામીથી પાછું "આદરે મીનો કરકો" પસાર કરી અરવાહી આલમની બહાર પેલીમેર જીરમાની આલમ તરફ ચહડવા માંડે છે ત્યાંસુધી—આપણાં ઉરવાંનની દુધમળ બાળક જેવી હાલત રહે છે, અને તેટલા માટે તેને સરોશના "ચાર્જ"માંજ—સરોશની પાસબાની અને રેહબરી હેઠળજ—રહેવું જોઇએ છે.

બનીરથબામી ઉપર અહુરમઝદનો વડો પ્રધાન:
સ રો શ ય ઝ દ.

આપણા ઉરવાનને "અહુરમઝદ" નજદીક "હસ્તી"માં અમરદાદની "અમર્ગી"માં જવાનું તો છેજ—અને સરોશની મારેફત વગર

ઉરવાંન અહુરમઝદ નજદીક જઇ શકે નહી, કારણ કે ફકત ખનીરથબામી તેમજ ખુદ આખી અરવાહી આલમમાંથી ઉંચે ચહડવા માટે સરોશની પનાહનીજ જરૂર છે, તો પછી છેક અહુરમઝદ નજદીક જવા માટે જીરમાની આલમમાં દાખલ થવાને માટે સરોશની મદદ ઉરવાંનને માટે સૌથી પહેલી, અવસ્યની, તથા અગત્યની છે. અહુરમઝદ નજદીક જવા ખાતર આ ખનીરથબામી ઉપર આપણા ઉરવાંનને માટે સરોશ યઝદ તો વડો પ્રધાન (prime minister) છે, અને તેટલા માટે દરેકે દરેક બરજીસી જીરમનાં ઉરવાનિ હરેક વખતે જીંદગી દરમ્યાન યા રેહેલત બાદ સરોશ સાથનો પોતાનો તાલુકો જેમ બન તેમ ઘણોજ ધાડો રાખવાની કાળજી રાખી **જરથોશ્તી તરીકત** તથા **જરથોશ્તી ક્રિયાકામો** ઉપર ખુબ ધ્યાન આપવાનો પહેલી જરૂરયાતી ફરજ છ.

ગાથા પ્રમાણે સૌથી મોટા યઝદ—સરોશ.

સરોશ યઝદ ઉરવાંનને માટ આવું બુલંદ કાર્ય ચાલુ બજાવનાર હોવાથી, તથા સરોશ યઝદ ખનીરથબામી ઉપર વડા પ્રધાન તરીકે ખીશ્કારીમાં હોવાને લીધેજ, ગાથાના હા. ૩૩, ફકરા ૫ માં સરોશને "સૌથી મોટા યઝદ" તરીકે ઓળખાવવામાં આવે છે:

"યસ્તં વિસ્પે મઝિશ્તેમ સ્ઓશેમ્ જબયા અવંઘહાને. અપાનો દરેગો—ગ્યાઈતીમ્ આ ખ્શથ્રેમ વઘંહેઉશ મનંઘહો, અશાત આ એરેઝુશ પથો યએશ્ મઝ્દાઓ અહુરો શએતી." "તારા બધામાં સૌવા મોટા જે સરાશ છે, તેન હુ મારા મદદને માટે બોલાઉં છું. લાંબી જીંદગીને લગતી બેહમનની સત્તા તરફ તું મને પોંહચાડ. બુલંદીના માર્ગો જેમા અહુરમઝદ રહે છે, તે તરફ અષની મદદથી મને તું પોંહચાડ."

સરોશનું મહાન કાર્ય આ ગાથાનો ફકરો તદન સાલસીલાબંધ ઘણુંજ સરસ રીતે દરશાવે છે. સરોશ યઝદ અશોઇના મરતબા પ્રમાણે ઉરવાનને સ્તોત આપી ખનીરથબામીનો સંબધ હમશનો છોડાવી, મેહેર તથા રશ્નેની મારફતે છ કેશ્વરોમાથી ચલાવીને, છેક અરવાહી આલમ પસાર કરાવીને, જીરમાની આલમમાં અષની સત્તા સોંપીને, પછી ત્યાંથી ચોકસ લાયક મરતબાના ઉરવાનોને બેહમન અમશાસ્પંદની મારફતે છેક અહુરમઝદ નજદીક પોંહચાડી આપે છે. જે પ્રમાણે એક એનજીન ચોકસ સ્ટેશન તથા જંકશન સુધી એક ટ્રેનને લઇ જાય છે, અને ત્યાંથા તે એનજીન પોતાનો ચાર્જ બીજાં વધુ લાયક એનજીનને આપી દે છે, અને તે

બાજુ એનજીન પછી તે ત્રેનને પોતાની નવી રેલ-લાઇનમાં લઇને આગળ વધે છે, તેજ પ્રમાણે અશો સરોશ યઝદ ઉરવાંનને "આદરે મીનો કરકો" નામના છેક અરવાહી આલમની શરૂઆતનાં મરકજ સુધી— મેહુર તથા રશ્નેની મારેફતથી રેહબરી કરીને દોરી લઇ જાય છે (leads on) અને પછી ત્યાથી તે ઉરવાંનને બેહમન અને અરદીબેહસ્ત પોતાના ચાર્જમાં લઇને જીરમાની આલમના સ્તોત આપીને હોરમઝદ નજદીક આગલ વધે છે.

ઉરવાનની નેમ પાર પાડવા માટે સરોશ વગર છુટકોજ નથી.

આવું મહાન કાર્ય આપણા ઉરવાંનને બજાવવાનું છે, અને આવી બુલંદ નેમથી ઉરવાંન અનીરથબામી ઉપર આવેલું છે, અને આ ઉરવાંનનાં પોતાના કાર્યમાં છેક અવલથી તે આખેર સુધી મદદ તથા પોષણ તથા રેહબરી આપનાર મવક્કલ અશો સરોશ યઝદ છે.

આ ઉપરથી આપણે હવે ગ્નાન સાથની જાનફેશાંની તથા સંપુર્ણ એતેકાદ સાથના ગ્નાનથી—"ફ્રઓરેત ફ્રદ્નિ અવી મનો જરજદાતોઇત અંઘહુયત હચ"—ફેદા કીધેલાં અંતઃકરણ તરફથી મન તરફ વળણ લઇને સંપુર્ણ એતેકાદથી—યાદ રાખીશું કે, જરથોસ્તી તરીકે ઉરવાંનની બુલંદીએ જવાની નેમ પાર પાડવા માટે આપણે સરોશની પનાહ હેઠળ ચાલુ રહેવુંજ જોઇએ. જીવતાં જીવત તરીકતના મદદથી, તથા મરણ બાદ ક્રીયાઓની મદદથી, સરોશ યઝદની પનાહમાં ચાલુ રહેવાનું ફરમાન જે કદીમ જમાનાઓથી આપણે જાણતા આવ્યા છીએ, તે ફરમાન કેવું સાયનટીફીક તથા નીયમીત રીતે બંધબેસ્તુ (Consistent) છે તે આપણને ઇલમે ક્ષ્નૂમ સમજાવે છે.

એક ગોખી રાખવા લાયક સીલસીલો:

૧. મીઅ્ર + માંથ્ર + અશોઇ + બોરેહ + કેશાશની તરીકતો.
૨. સ્તોતને માટે સરોશની મારેફત.
૩. આહુનવરના નાદની હકીકત.
૪. ગરોથમાનમાં વહેદાયત.

તેટલાં માટે એક ઘણોજ અગત્યનો સીલસીલો આપણે ગોખી રાખીશું, અને દર પલે તે ઉપર આપણા વિચારોને રોકવાની કોશેશ કરીશું કે—

૧. જરથોસ્તી દએનની "મીઅ્ર," "માંથ્ર" "અશોઇ," "બોરેહ," "કેશાશ" વીગેરેની તરીકતો પાલીને;—

૨. સરોશની **મારેફત** (agency) **થી સ્તોતના પ્રવાહ** મેળવીને;—

૩. **અહુનવરના** ઉસુલ્યાતી નાદની **હકીકત** (The Real Knowledge) (What is) થી માહીતગાર થઇને;—

૪. ગરોથમાન બેહેસ્તમાં અહુરમઝદ નજદીક **વહેદાન્યત** યાને છેલ્લું મરકઝ, **એકતાઈ,** (The Goal) સાથે એકતાન (attune) થવાનું છે.

આ ચાર ભાગોમાં ગેયા ઉરવાંનની વલતી મુસાફરી (Homeward march) "હસ્તી" તરફના માર્ગનો સીલસીલો છુટો છુટો (analysis) કરીને જણાવવામાં આવ્યો છે, અને જરથોસ્તી દહ્મે ક્ષનુમ સીરીઝ નં. ૧ માં જણાવેલા દહ્મે ક્ષનુમના ચાર મહાન વીભાગો-**તરીકત, મારેફત, હકીકત,** અને **વહેદાયન્ત**-દરેક બાબદમાં કેવા એકમેક સાથે વીંટળાઇને રહેલા છે તેની સહજ સમજણ ખુલ્લી રીતે આપણને આપે છે.

ત્યાં સરોશને બીજા વીભાગમાં એટલે **મારેફતમાં** મુકવામાં આવે છે, કારણકે સરોશની મારેફતથીજ ઉરવાનની નાજી યાને છુટકારો થઇ શકે છે.

હવે ત્યારે ઉરવાંન તથા સરોશ વચ્ચેનો અગત્યનો સંબંધ કેવા પ્રકારનો છે, અને કેવી મહાન મતલબથી છે, એ બાબદ ધ્યાનમાં રાખીને,— **જનમતી વખતે** સરોશ સાથ સંબંધ જરથોસ્તી ઉરવાંન કેવી રીતે મેળવે છે તે બાબદ હાથ ધરીશું.

જનમતી વખતે સરોશ સાથનો સંબંધ,

"તનાસુલી સીલસીલા" (Concatenation) નો કાયદો.

સરોશનું બીજ રૂપી ચખ્ર

(The nucleus of the Centre of Srosh)

આપણી જરથોસ્તી દએનનો ઉંડો ભેદ તથા રૂહાની બાતેન રીતે સમજાવતી વખતે જરથોસ્તી દહ્મે ક્ષનુમ દરેક બાબદમાં તનાસુલી સીલસીલો લઇનેજ આગળ ચાલે છે, એટલે કે દરેક ચીજ એક બીજા સાથે જે અમુક રીતે અણુદાઠ સંબંધ અને જોડાણ રાખે છે, તેવા ચાલુ સંબંધ યા જોડાણ (Connected links or Series of Concatenation) ની મારેફત હરેક બાબદમાં કાર્ય કરે છે, આમ જરથોસ્તી દહ્મે ક્ષનુમ આપણને જણાવે છે.

એજ **"તનાસુલી સીલસીલા"** નો નીયમ આ સરોશની બાબદમાં પણ લાગુ પડે છે. મારેફત વગર સૃષ્ટિમાં કોઇબી ચીજ કાર્ય કરી શકતી નથી, અને તેટલા માટે જનમતાંની સાથે સરોશનો સંબંધ મેળવી

આપવામાં માબાપની મારેફત કારગત લાગે છે. એક જનમનાર બાળક માટેની બાસ્પત તથા દરેક તેની શક્તિઓ તથા તેના કેશારા મુજબના ગુહોના પ્રવાહો વગેરે દરેક ચીજ તે બાળકને બાપના તોખ્મ (male-seed) તથા માતાના ઓદાન (female-seed) ની અસરની મારેફતથી મળી શકેછે, અને તેટલા માટે સરોશનો પ્રવાહ મેળવવા માટેનું મધ્યબીંદુ (centre or nucleus) યાને એક મરકજ, બાપના તોખ્મથી તથા માતાના ઓદાનની મારેફતથી તે જનમતાં બાળક માટે શરૂ થાય છે. બાધિશ બરજીસી અશર હેઠળના તથા જરથોશ્તી તરીકતથીજ જીંદગી ગુજારનાર માબાપ તરફથી, તે માબાપની ખુદ પોતાની ચાલુ સરોશ જાળવવાની અમલ્યાતની ખુબીબરેકી અસરને લીધે, એક ફરજંદ માટેની અનાસરી કાયાનું બંધારણ (conception) થતી વખતે, તે બાળકના દીલ યાને અંતઃકરણ ઉપર કાર્ય કરતા રચીના દશ ગ "ચખ્ર" ના ઉપ-ચખ્ર (Sub-chakhra) યાને નાના પેટા-ચખ્રની સાથે સરોશનું ચખ્ર બીજ રૂપે જોડાઇ રહે છે. અલબતાં આ સમજણ ઘણીજ બારીક છે, પણ તે જણાવવાની હ્યાં ખાસ જરૂર છે, કારણકે કુદરત પોતે કેવી અચુક રીતે "તનાસુલી સીલસીલો" જાળવીને હરેક બાબદમાં કાર્ય કરે છે તે આ જનમતાં બાળક ઉપર સરોશનું જોડાણ કેવી રીતે શરૂઆત કરે છે એ ઘણું વીધાનુસાર આપણે ધ્યાનમાં લેઇ શકયે છીએ. આ પ્રમાણે ત્યારે આવી કીસમના બાળકના જન્મથીજ તેની અંદર ગુપ્ત રીતે સરોશનો સરશોક યાને અરક (essential quality) બીજરૂપે ત્યાં હાજર રહે છે.

જનમેલાં બાળકને "હોમ" પાવાનો મહાન મતલબ— સરોશની બાસ્તર ધરાવનાર ઉરવર : "હોમ"— "હોમ" થી ઊરવાંનનું આગળ વધવું.

ત્યાર બાદ જનમતાંને વાર આ બીજરૂપી સરોશનાં સરશોક યાને મૂળ તત્વને ગતી આપવા માટે તથા તે બીજને બીનવીને ઉરૂ યાને બસીત કરવાને માટે "હોમ" પીવાનું ફરમાન વખશુરે વખશુરાન સાહેબે આપેલું છે. દરેક ઉરવર યાને ઝાડપાન અને ફળફલાદી જુદી જુદી જીરમને લગતા સ્તોતની અસરને લીધે જુદી જુદી જાતની આસમાનોની બાસ્તરના પ્રવાહ પોતાની અંદર સમેત કરી રાખે છે, અને દરેક ઉરવર ખોરાક તરીકે કાર્ય કરતી વખતે પોતાની અંદરની સમેતાયલી બાસ્તરને ઘટતે ઠેકાણે આપી દે છે "હોમ" પોતે બરજીસી જીરમનું ઉરવર છે, અને પોતાની અંદર સરોશની બાસ્તર સમેતાયલી રાખે છે.

આ હોમ જે વખતે એક જનમેલાં બાળકને પાવામાં આવે છે તે વખતે બાળકના "આતરૈ વોહુફ્ર્યાન*" ને તેજસ્વી કરવામાં આવે છે. આ એક અચુક કાયદો છે કે "અહુ" યાને ખરેખરાં અંતઃકરણનો સ્વભાવ ખીલવવાને માટે "આતરૈ વોહુફ્ર્યાન" ને તેજસ્વી બનાવવો જોઇએ, અને જરથોસ્તી "ઈલ્મે ખાસ્તર" (Law of Electric and Magnetic Forces) ને આધારે "આતરૈ ઉર્વાઝીશ્ત"* માટે ભાગે, અને "આતરૈ સ્પેનિશ્ત" મારફતથી ખોરાક તરીકે વાપરવા જોઇએ. આવા મહાન નિયમને આધારે તે બાળકની અંદર રહેલાં સરોશનાં સરશીક સાથનાં તેના ઉરવાનનાં "ચીથ્ર" યાને બીજરૂપી અસરને ખીલવવાને ખાતર, તેનો "આતરૈ વોહુફ્ર્યાન" તેજસ્વી કરવો પડે છે, અને "આતરૈ વોહુફ્ર્યાન" તેજસ્વી કરી તેના "અહુ" યાને અંતઃકરણના સ્વભાવને ખીલવી, સરોશનાં બીજને ચાલાક ઉગતું બનાવવાને માટે, સરોશની ખાસ્તર ધરાવનાર "આતરૈ ઉર્વાઝીશ્ત" સાથનો ખોરાક યાને હોમ પાવામાં આવે છે. હોમનું પીણું ઉરવાનને જાગૃત બનાવવા માટે કેવું અસરકારક છે તે વિષે "હોમ યશ્ત" જે આખી વાંચવાલાયક છે, તેમાં જણાવવામાં આવ્યું છે કે—

'યથ ખરેન્તે વહીશ્તો, ઉરૂનએચ પાથ-મઈન્યોતમો."

યાને "જેમ હોમ પીનારને માટે સૌથી સરસ છે, તેમ તે ઉરવાનને માટે ઘણો મીનોઇ રસ્તો બતાવનાર છે."

"વિસ્પે જી અન્યે મદાઓંઘહો અએષ્મ હચિન્તે ખ્રુવી-દ્રવો, આઅત હો યો હોમહે મદો અષ હચઈતે ઊર્વા-સ્મન. રેનજઈતિ હઓમહે મદો."

યાને "બીજી તમામ કેફ ઘાતકી હથીઆર સાથના અએષમ (Master–Druji) યાને ઉસુલે દરૂજીની પુંઠ ચલાવે છે, પણ હોમની જે "મદ" યાને લીનતા (ecstasy) છે તે બુલંદી સાથની ખુશાલી આપીને અશોઇને માર્ગે ચલાવે છે. હોમની લીનતા ચપળ કરે છે."

ખાલેસ અંતઃકરણ (Sincerity) નો ગુણ કયારે ખીલે? અંતઃકરણના અવાજ તરફનું માન અને સરોશ.

આ હોમ યશ્તમાં જણાવેલા હોમના ગુણો એક જનમેલા ફરજંદની અંદર રહેલા બીજરૂપી સરોશનાં ચખ્રને ગતી આપી તેને વધવાની

* જુઓ ૧૯૧૭ નું "ચાંજ" પતેતી અંક.

લાઇનમાં લઇ જવા માટે કેવી અસરકારક રીતે હોમનું બીજું કાર્ય કરે છે તે ધ્યાનમાં લેવાને આપણને મદદ કરે છે. આવી રીતે હોમની મદદથી સરોશના ચશ્મને ગતી આપ્યાથી કુદરતનો ઉસુલ્યાતી સરોશનો નાદ પેલાં બાળકનાં ચશ્મ તરફ ખેંચાઇને બેઉ ત્યાં એકતાન (attune) થઇ પેલું બાળક કુદરતનાં ઉસુલ્યાતી સરોશનો સીલસીલો પકડી લે છે,. અને આવી રીતે સરોશનો સીલસીલો બરાબર પોતાનાં દીલ યાને અંતઃકરણના "પેટા-ચશ્મ" સાથે એકતાન કર્યાથી તે ભવિષ્યમાં પોતાની રહેણીકરણી, ઇરાદતી, તથા તરીકતની મદદથી ખીલવવાને તથા તે સરોશના પ્રવાહ સાથે એકદમ ઘાડા સબંધમાં આવવાને લાયકનું થઇને તૈયાર રહે છે. આવી રીતે સરોશ સાથનું જોડાણ મેલવીને તૈયાર રહેલુ બાળક નાનપણથી અંતઃકરણના અવાજને માન આપવા લાગે છે, અને પોતે ચાલુ ખાલેસ અંતઃકરણની સચાઇ (Sincerity) નો ગુણ બતાવવા માંડે છે.

સરોશને તથા ખાલેસાઇ (sincerity) ના ગુણને અને બાતેની બીસ્રને બહુજ ઘાડો સંબંધ છે, એમ આ ઉપરથી અનુમાન નીકલે છે, અને જ્યાંસુધી એક શખ્સ પોતે પોતાનાં અંતઃકરણના અવાજને માન આપતો નથી, ત્યાંસુધી તેને સરોશના નાદનું જોડાણ મળી શકતું નથી. જેઓ અંદરથી એક તથા બહારથી જુદા એવા વિચારના શખ્સો હોય છે—યાને કે જેઓમાં ખરેખરૂં અંતઃકરણ (Conscience), ખરી અંતઃકરણની લાગણી, ખરી સલેસાઇ (Sincerity) ખીલેલી હોતી નથી, તેઓ સરોશના બુલંદ નાદ સાથે એકતાન થવાને કદીબી લાયક હોતા નથી. એક બાળક મીસાલની ખાલેસાઇ (Child-like sincerity) ની સાથેજ અંતઃકરણની ખીલવણી જોડાયલી રહે છે, અને જેમ એક બાળક પોતે ખાલેસ (Sincere) હોવાને લીધે, પોતાના બાળકી અંતઃકરણ સાથે એકતાન થયલું હોવાને લીધે, કુદરતની ઘણી નજદીકીનાં —કુદરતના ઘાડા સંબંધમાં હોઇ શકે છે, તેમ આપણે આપણા મનને અંતઃકરણ તરફ વળણ આપી, અંતઃકરણ સાથે એકતાન કરી "અહૂ" યાને ખરેખરાં અંતઃકરણના સ્વભાવની ખીલવણી કરવાની છે.

હવે ત્યારે જનમતાંને વાર હોમ પાયાથી બાળકની અંદર રહેલું સરોશનું બીજ બીલીને તથા ગતી પામીને કુદરતના ઉસુલ્યાતી સરોશનાં નાદ સાથે એકતાન થાય છે એ બીના ધ્યાનમાં લીધા પછી, જીંદગી દરમ્યાન સરોશનાં નાદ સાથે ચાલુ એકતાન કેવી રીતે રહેવાઇ શકાય એ આપણ સમજવાની કોશેશ કરીશું.

જીંદગી દરમ્યાન સરોશ સાથનો સંબંધ— જરથોશ્તી તરીકતથીજ જીંદગી ગુજારવાની જરૂર.

આ વિભાગમાં આપણે સાત બાબદો ઉપર ધ્યાન આપીશું :—

(૧)

હરેક ચીજ હમેશાં મેળવવાના બાબમાં તે મેળવનાર (recipient) નો મરતબો કેવી રીતનો છે, તે ઉપર આધાર રાખે છે. આ એક કુદરતનો અચુક કાયદો છે. જેવી લાયકાત તેવીજ અને તેટલાજ મરતબામાં એક માનવીને અણદીઠ શક્તિ મળી શકે છે. આ કાયદાને આધારેજ સરોશ યઝદ દરેક ઉરવાનની સાથે તેની પોતાની રહેણીકરણી તથા અશોઇના પ્રમાણ મુજબજ રહી શકે છે, અને જો ઉરવાંન અશોઇના માર્ગમાં નહી હોય તો તેની સાથે સરોશ જોઇએ તેટલા મરતબામાં યા તો બીલકુલ રહી શકતો નથી. આ કારણને લીધે દરેક જરથોસ્તી ઉરવાંને પોતાની જીંદગી **જરથોશ્તી તરીકતથીજ ગુજારવાની જરૂર છે.** જનમતાંને વાર હોમ પાયાથી ગોયા એક ઉરવાંન સાથે જોડાણમાં એક નાની કડી (small link) તૈયાર રાખવામાં આવે છે, અને પછી આ કડીની અંદર સરોશ-ની તનાસુલી મોટી સાંકળ (lofty chain) નો આંકડો (hook) પોઇ દેવાને માટે આપણે પોતે સરોશ તરફ ખેંચાવાને લાયકના થવા માટે જરથોશ્તી તરીકતેથી જીંદગી ગુજારવી જોઇએ. જો એકવાર આપણે ઉર-વાંન સાથના જોડાણની કડીમાં સરોશની સાંકળનો હુક પોવામાં ફત્તેહમંદ થયા, યાને કે જો આપણે સરોશના કુદરતી સ્તોતનો સીલસીલો પકડી શકયા, તો પછી ધીમે ધીમે અશોઇના ચહડયાતા મરતબાના પ્રમાણમાં સરોશ તરફજ ખેંચાયલા રહીશું, અને સરોશનાજ ચાર્જમાં રહી શકીશું.

'નાફે બવ્ર' નામની અજાયબ જેવી શકિત:

(The Centre of Protection).

દરૂજી સામે ટકર ઝીલનારૂં (Drujih-proof) ઉરવાંન— "નાફે બવ્ર" ધરાવનાર વખ્શુરે વખ્શુરાન સાહેબ.

આવી રીતનું મકમ જોડાણ સરોશ સાથે સ્થાંપવા માટે જરથોસ્તી ધરમે ક્નમ સીરીઝ નં૦ ૨ માં જણાવેલી "એક જાતની બચાવનારી શક્તિને" ને આપણે માટે ખીલવવાની જરૂર છે. આ બચાવ કરનારી શક્તિને **અવસ્તામાં "નપાતેમ બવ્રહે" તરીકે અને પહેલવીમાં "નાફે બવ્ર"** શબ્દ આવાં યઝદનાં બાબમાં વારેઘડીએ વાપરવામાં આવે છે, અને તે એક ઘણી અજાયબ જેવી શક્તિ છે, આમ જરથોસ્તી ધરમે ક્નૂમ સમ-જાવે છે. આ "નાફે બવ્ર" કેવી કીસમની બચાવનારી શક્તિ છે, તે સમજવા માટે એક બીજું લખાણ થાય એટલી જોગવાઇ જોઇએ તેટલા માટે ટુંકમાં ફકત એનો સાધારણ અર્થ સમજીનેજ સંતોષ પામીશું.

"નાફે બત્ર" એટલે "ઢાલનું મરકજ," "નાફ" એટલે નાભ, મધ્ય બીંદુ (center; butt) અને "બત્ર" એટલે "ઢાંકણ, બચાવ" (defence; shield) એ ઉપરથી "બચાવનો નાભ" યાને ઢાળનું મરકજ ("the centre of protection; the butt of the shield) આવો અર્થ થાય છે. "નાફે બત્ર" એવી તો અણદીઠ ઢાળ છે કે, દરેક દરૂજીના હુમલામાંથી, ખરાબમાં ખરાબ વીચાર સાથનાં મેલી વિદ્યા જાણનાર જાદુગરના હાથમાંથી, તથા ગનામીનોના ગલબામાંથી, જે શખ્સની આસપાસ "નાફે બત્ર" હોય છે, તેના ઉરવાંનને આ અણદીઠ "બચાવનો નાભ" ચાલુ બચાવ કરે છે.

ગમે એવો શહેમ-ઉલ-શહેમ (butt-aimed) હુમલો હોય, યાને કે એક ખાસ બારીકમાં બારીક પોઇન્ટ ઉપરથી જો હુમલો કરવાની નેમ રાખવામાં આવી હોય, તો તે શહેમ-ઉલ-શહેમ હુમલાને પણ આ "નાફે બત્ર" પાછલ હઠાવશે. "નાફે બત્ર" તે ધરાવનાર શખ્સના ઉરવાંનની આસપાસ ગોયા એક જાતનો મજબુત અણદીઠ કીલ્લો થઇને રહે છે, અને તે કીલ્લાની બરકતથી કોઇબી દરૂજી શક્તિ તે ઉરવાંનને પહોંચીને ઉરવાંનને પાછું તનજ્જુલ યાને ઉતરતા દરજ્જામાં લાવી શકતી નથી. "નાફે બત્ર" સાથનું ઉરવાંન દરૂજીની સામે ટક્કર જીલનારું (Drujih-proof) થાય છે, અને ઉરવાંન પોતાને માટે ઉંચી હાલતે જવાનો માર્ગ સડસડાટ લેવા માંડે છે, કારણ કે "નાફે બત્ર" ખીલવ્યા પછી તે ઉરવાંનને ગનામીનોની કોઇબી શક્તિ પાછું ઉતરતી હાલતમાં લાવવા જેટલી હરકત કરી શકતી નથી. એજ "નાફે બત્ર"ની શક્તિ આવાં યજદની પોતાની હોવાને લીધે ગનામીનો સૃષ્ટિ રચના ઉપર ગલેબ આવી શકતોજ નથી, કારણ કે આવાં યઝદ ચાલુ ગનામીનોની સામે "નાફે બત્ર"નો કીલ્લો રાખીને સૃષ્ટી રચનાનો બચાવ કર્યા કરે છે. એજ "નાફે બત્ર"ના સાહેબ આપણા વખશુરે વખશુરાન સાહેબ હતા, અને તેવાજ કોઇબી ખરાબમાં ખરાબ શક્તિ ધરાવનાર જાદુગરો તેવણ સાહેબ ઉપર ફાવી શકયા નહી; અને એજ "નાફે બત્ર"ની શક્તિ આવી બુલંદ હોવાને લીધે અને તે જરથોસ્તી દએનમાં હોવાને લીધે, જરથોસ્તી દએનને "દએને બેરેશ્ત" બુલંદમાં બુલંદ દીન તરીકે ઓળખવામાં આવી છે.

આવી કીસમની "નાફે બત્ર" નામની શક્તિ "બચાવનો નાભ" (the Centre of Protection) આટલી બધી બુલંદ હોવાને લીધેજ તે ખીલવવાનું ફરમાન વખશુરે વખશુરાન સાહેબે દરેક જરથોસ્તી ઉરવાંન માટે આપ્યું છે.

"નાફે બત્ર" ખીલવવા માટેની આઠ અગત્યની ચીજો.

"નાફે બત્ર" ખીલવવા માટે આ આઠ સરશીક યાને અગત્યનાં મુળતત્વો જે જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમ સીરીઝ નં૦ ૨ માં કોઠા રૂપે જણાવવામાં આવ્યાં છે તે પ્રમાણે આપણે અમલ કરવો જોઇએ છે:— **મીન્ન + માંથ્ર + કેશાશ + ખોરેહ + અશોઈ +** અને ત્યાર પછી **આઈરયમન + સઓક** અને **+ અષી,**—આ આઠ ચીજોની અમલ્યાત હોવી જોઇએ.

"**મીન્ન**" યાને વિચારો હમેશાં કુદરતના અષના કાયદાનુસાર—"હસ્તી"ના માર્ગ માટેના રાખી, તે મીન્નને લાયકના "**માંથ્ર**" જે અવસ્તાના કલામો વખશુરે વખશુરાન સાહેબે આપેલા છે તે એજમતી કલામોના સ્તોત મેળવીને, "**કેશાશ**" યાને એકમેકનું માંગતું લેણું અદા કરવાનો બારીક "પઇત્યોગેત"નો કાયદો સમજીને તે મુજબ અમલ કરીને, "બરેનંઘહ" યાને "**ખોરેહ**"ને લગતી નીરંગ લેવાની, તથા પવિત્ર ખોરાક ખાવાની તથા બાલ, નખ, દરતાન, મની વગેરેની પરહેજી જાળવીને દરેક તરીકતો પાળીને, "**અશોઈ**"ની અમલ્યાતના દરજ્જામાં દાખલ થઇને, "**આઈરયમન***, **સઓક***, અને **અષી***" નામના અશોઇના

---

* 'જ્યારે એક ઊરવાન "આઇરયમન"ની ત્રણ દરજ્જાની શકિત મેળવે છે, ત્યારે તે "રોશન જમીર" થાય છે, યાને કે આવી શકિત ધરાવનાર શખ્સ પોતાની મેળે કુદરતના કાયદાઓ સમજી શકે છે, અને બીજાંઓના મીન્ન (યાને વિચાર) પણ અગાઊથી વાંચી શકે છે. ત્યારપછી "સઓક"ના ત્રણ દરજ્જામાં જ્યારે એક ઊરવાન હોય છે ત્યારે તે "મુશાહેદાત" થઇ જાય છે, યાને કે કુદરતમાં જે નાદ ચાલી રહેલો છે તેને તે સાંભળી શકે છે. "સઓક"થી આગળ જ્યારે તે ઊરવાન "અષી"ના ત્રણ દરજ્જામાંથી પસાર થાય છે તે વખતે તે ઊરવાન "મુશાહેદાત" થઇ જાય છે, યાને કે કુદરતમાં ખનીરથખાસી ઊપર યા અણદીઠ આલમમાં જેવી કંઇ બને છે તે જોઇ શકે છે.'

—**જરથોસ્તી ઈલ્મે ક્ષ્નૂમ સીરીઝ,**
નં૦ ૨, પાને ૧૫૪ માંથી ઉતારો.

આજ દરજાત કે જે દરેકના ત્રણ ત્રણ મળી, બધા મળીને નવ દરજાત છે, તે નવે નવ દરજાતમાંથી જ્યારે એક ઉરવાંન આગળ વધે છે, ત્યારે તે "નાર્કે બત્ર"ની બુલંદ શક્તિને ખીલવે છે, કે જે "નાર્કે બત્ર"નો કીલ્લો આપણા આ બુલંદ બખ્તર સુદરેહની ઉપર ફરતો બંધાઇને રહે છે, અને ચાલુ તે ઉરવાંનને ગનામીનોને લગતી દરેક શક્તિઓના હુમલામાંથી બચાવે છે, કે જેથી તે દરૂજી શક્તિઓના હુમલાઓ ઉરવાંન તરફ પોંહચવાને માટે "નાર્કે બત્ર"ના તેહેમતની કીલ્લામાંથી અંદર પેવસ થઇ શકતા નથી, પણ અથડીને (rebounding) પાછા હઠી જાય છે.

"નાર્કે બત્ર"ની જાુફ્ત : "સરોશ યઝદ."

"સરોશ" મેળવવા માટે "નાર્કે બત્ર" જેવી મીનોઈ લાયકાતની જરૂર.

ઉરવાંન સરોશ તરફ કયારે ખેંચાય?

સરોશ યશ્તમાં જણાવેલું સરોશથી પાસબાની થયલું ઘેર.

આ "નાર્કે બત્ર"ની શક્તિ જ્યારે તે ઉરવાંન ખીલવી રહે છે, ત્યારેજ જાુફ્તને કાયદે જીંદગી દરમ્યાન સરોશ યઝદનો સીલસીલો લાયક મરતબામાં પકડવાને લાયકનું તે ઉરવાંન થઇ શકે છે. "નાર્કે બત્ર" અને "સરોશ યઝદ" આ બેઉ, જાુફ્તના કાયદા (Law of duality) થી હમશરીકીમાં કાર્ય કરે છે, અને એક વગર બીજું વાજબી રીતે કાર્ય કરી શકતું નથી. જે પ્રમાણે મીશ્ર અને માંથ્ર હમેશા કુદરતના ઉલવુજાુબ યાને અચુક કાયદાથી જાુફ્તથી સાથે રેહેનાજ હોય છે અને મીશ્ર, માંથ્રની જાુફ્તને પાછી અસરે રોશનીની તરીકતથી 'જેત' યાને ગતી આપવામાં આવે તોજ તેનો લાયક ઇનફાલ ઉતરી શકે છે; જે પ્રમાણે પવિત્ર ખોરાક અને મોહેર યાને સચાઇ હમેશાં સાથે જાુફ્તને કાયદે પળાવાજ જોઇએ; જે પ્રમાણે જરથોસ્તી "દએન" અને "ક્રિયા" જાુફ્તને કાયદે હમેશાં જોડાયલી રહે છે, તેજ પ્રમાણે "નાર્કે બત્ર"નો કોટ તો "સરોશ" મેળવવા માટેની ઉરવાંનની લાયકાત છે, અને જ્યાં "નાર્કે બત્ર" ખીલી રહે છે, ત્યાં સરોશ કુદરતી અચુક કાયદે ખેંચાઇને આવી મળે છે. જે પ્રમાણે સ્થુલ દુન્યવી બાબદોમાં ચોકસ અખ્ત્યાર મેળવવાને માટે સ્થુલ લાયકાતોની જરૂર છે, તેજ પ્રમાણે બલકે તેથીબી વધારે ઉલવુજાુબ યાને તદન કુદરતના નિર્માણ થયલા અચુક કાયદાને આધારે મીનોઇ શક્તિઓ મેળવવા માટે, તથા મીનોઇ યઝદોના સંબંધમાં આવવા માટે, તથા તેઓની સાથે એકતાન થવા માટે મીનોઇ લાયકાતની જરૂર છે, અને આ

ઉલૈવુજ્જુબને આધારેજ જીંદગી દરમ્યાન સરોશ સાથનો સંબંધ જારી રાખવા માટે "નાફે બસ્ત્ર"નો કોટ ઉરવાંનની આસપાસ બનાવી દેવાની ખાસ તરીકતો આપવામાં આવેલી છે. સરોશ તો દુન્યામાં હાજર છેજ, પણ ઉરવાંને પોતે તે મેળવવા માટે લાયક થવું જોઇએ છે. સ્તોતનો મોકલ-નાર (Transmitter of Staota) સ્તોતનો સંભળાવનાર સરોશ યજદ તો હાજર છેજ, પણ મેળવનાર (receiver) ઉરવાંન કે જે પોતે "સ્તોત" મેળવનાર છે તેણે પણ લાયકાત મેળવવાની જરૂર છે.

જે પ્રમાણે પાણીના બાબમાં ઉંચી અને નીચી સપાટી (Higher and Lower Levels) નો કાયદો કાર્ય કરે છે, જે પ્રમાણે વિજળીની બાબદમાં વધતા ઓછા જોશ (Higher and Lower degree of Potential) નો કાયદો કાર્ય કરે છે, તેજ પ્રમાણે સરોશનો નાદ મેળ-વવાની બાબદમાં "**નાફે બસ્ત્ર**" નો કાયદો કાર્ય કરે છે. "**નાફે બસ્ત્ર**" ઉરવાંનને સરોશ તરફ ખેંચાવાને લાયકનું બનાવી ઉરવાંન અને સરોશ વચ્ચેનો ગોયા અંતર એકદમ ઓછો કરી નાંખે છે, અને આ અંતર (distance) અલબતાં ઉરવાંન અને સરોશ વચ્ચે ઉરવાંનની સ્થુલ યા સુક્ષ્મ હાલતનાં પ્રમાણ મુજબ વધતો યા ઓછો હોય છે, તે તફાવત ઓછો થયાથી જે પ્રમાણે એક સોય લોહચુંબકની ચોકસ નજદીક જવાથી તે ખેંચાઇ જાય છે, તે પ્રમાણે આપણું ઉરવાંન "ઉરૂ" થવાથી ચોકસ અસ્પંદી† માં ખીલ્યા પછી "**નાફે બસ્ત્ર**" ની મારેફતથી સરોશ તરફ ખેંચાઇને સરોશ સાથે એકતાન થઇ જાય છે. આવી રીતનું "ઉરૂ"ની અસ્પંદીથી સરોશ સાથ એકતાન થયલું ઉરવાંન ઘણા લાંબા વખત સુધી

---

† "અસ્પંદી" શબ્દ હમેશાં અણદીઠ રૂહાંની ચીજોના બાબમાં માપ યા વજન બતાવવાની મતલબથી વપરાય છે. સ્થુળ ચીજો જેવી કે લાકડું, લોખંડ વગેરેને તોલ્યાથી તેની "મેખદારી" યાને સ્થુળ વજન (Weight of physical matter) જે પ્રમાણે સમજી શકાય છે, તેજ પ્રમાણે "મીઝ્ર" યાને વીચાર, "માંથ્ર" યાને શબ્દ ઊચ્ચાર, "રઓક્ષની" યાને રોશની, "ખાસ્તર" યાને વીજળીક પ્રવાહ, "સ્તોત" યાને માંથ્રથી ઊત્પન્ન થતા અણદીઠ રંગો—વગેરે અણદીઠ ચીજોના બાબમાં આ બધી ચીજોની ગતીનું પ્રમાણ (rate of motion) અથવા તો તેઓની ધ્વનીનું પ્રમાણ (rate of vibration or velocity) અથવા તો તેઓનું ધ્વની-ગતી પ્રમાણે વધતું જવું (increased velocity or acceleration), અથવા તો તેઓનો જોશ (intensity) વગેરે બતાવવાને માટે "અસ્પંદી" દરેક જુદી જુદી અણદીઠ ચીજોના સંબંધમાં જુદા જુદા મતલબના અર્થે વપરાય છે.

સરોશના ચાર્જમાં અને સરોશની પનાહમાં રહે છે, અને આવાં ઉરવાંનો-ના "કહેરપ"ને સરોશ યશ્ત વડીમાં "સરોશથી બચતાં ઘરો" તરીકે ઓળખવામાં આવ્યાં છે; જેમકે,

"**વીસ્પે ન્માન સ્રઓષો-પાત યઝમઈદે, યેંઘહાદ સ્રઓષો અષ્યો, ફ્રયો ફ્રિતો, પઈતિ-જન્તો; નાચ અષવ ફ્રાયો-હુમતો, ફ્રાયો-હુખ્તો, ફ્રાયો હુવરશ્તો**" યાને "સરોશથી પાસબાની પામેલાં તમામ ઘરો સાથે અમો એકતાન થઈએ છીએ, જ્યાં અશો સરોશ યજદ મીત્રાચારી ભરેલો, વહાલો, માન પામેલો રહે છે, તથા જે ઘરોમાં હુમત-માં આગળ વધતો, હુખ્તમાં આગળ વધતો, હુવરશ્તમાં આગળ વધતો અષો નર છે."

આ પ્રમાણે ત્યારે આપણા ઉરવાંનના "કહેરપ"ને જરથોસ્તી તરીકે સરોશથી પાસબાની પામેલું ઘેર બનાવવાનું છે.

જે પ્રમાણે "સ્રઓષાવરેજ" યાને વડા દસ્તુર થવાની લાયકાત, તે પ્રમાણે "સરોશ" મેળવવા માટેની લાયકાત.

ટુંકમાં બોલ્યે તો જે પ્રમાણે એક યોજદાથ્રેગર મોબેદ યાને "**જરથોશતી-એ-ખાસ**"ને સ્રઓષના ઉંચ દરજજાએ પુગવા માટે યાને **સ્રઓષાવરેજ** યાને "સરોશની સાથે મળીને હમશરીકીથી કાર્ય કરનાર" એટલે વડા દીન દસ્તુર થવાને માટે ઉજીરન ગેહમાં તથા વીસ્પરદમાં જણાવેલા સાત દરજજા "**ફ્રબેરેતર,**" "**આબેરેતર,**" "**આસ્નાતર,**" "**રથવીશ્કર,**" "**હાવનાન,**" "**આતરેવક્ષ,**" અને "**જ્ઓતા**"ના દરજજામાંથી પસાર થવું પડે છે, અને આ બધા દરજજાની અમલ્યાત સંપુર્ણ રીતે કર્યા પછીજ "**સ્રોષાવરેજ**"ના દરજજામા દાખલ થાય છે, તેજ પ્રમાણે "**જરથોશતી-એ-આમ**"ના બાબમાં, "**મીઝ + માંઝ + ક્રૂશાસ + બોરોહુ + અષોઈ + અઈરયમન + સઓક + અષી**" આ આઠ ચીજોની અમલ્યાતથી "**નાફે બત્ર**"ની શક્તિ ખીલવ્યા પછીજ જીંદગી દરમ્યાન એક ઉરવાંન સરોશનો સીલસીલો પકડીને તેને કાયમ રાખી સરોશનો હમકાર થઇ શકે છે. જીંદગી દરમ્યાન સરોશ સાથનો સંબંધ જોડી સરોશની પનાહમાં રહેવા માટેની આ મુળ પાયા સમાનની શક્તિ "નાફે બત્ર" ખીલવવીજ જોઇએ, તથા તે ખીલવવા માટે પેલી આઠ તરીકતોનો અમલ કરવોજ જોઇએ, એ બીનાને મુસ્તકીમ રીતે ધ્યાનમાં રાખીને હવે આપણે બીજી થોડીક બાબદો, જે **જીંદગી દરમ્યાન સરોશ**

સાચવવાના બાબમાં મદદ કરતા થઇ પડે છે, તે ટુંકમાં જોઇ જઇશું. આ વધુ બાબદોને આપણે છ વધુ વિભાગમાં વહેંચીશું :—

૨. સરોશની ક્ષ્નૂમન સાથની કુસ્તી.
૩. બંદગી દરમ્યાન સરોશ સાથનું જોડાણ.
૪. સરોશ તરફથી મળતી બસારેત.
૫. દરૂજીઓ ઉપર સરોશનું ગાલેબ આવવું.
૬. સરોશનું તુટવું, તથા લાગુ નહી પડવું.
૭. ક્રિયાકામોનાં પાયા તરીકે સરોશનું કાર્ય.

આ વધુ છ બાબદોને એકેક પછી લઇને આપણે સમજીશું.

(૨)

સરોશની ક્ષ્નુમન સાથની કુસ્તી.

મીથ્ર સાથે કુસ્તી+કુસ્તી સાથે સરોશ +સરોશ સાથે યઝદી સ્તોતના પ્રવાહો.

હવે આપણે જાણયે છીએ તેમ દરેક જરથોસ્તી બંદગીનો પાયો "પાદયાબ કુસ્તા" છે. "સુદરેહ" અને "કુસ્તી" આ બે તદન સાદી અને સસ્તી દેખાતી ચીજો કેવાં બુલંદ હથીઆરો તરીકે અણદીઠ રીતે કાર્ય કરે છે; તથા સુદરેહ આપણા બોરેહને પવિત્ર રાખવામાં તથા "મીથ્ર" સાચવવામાં કેવી મદદ કરે છે તે 'જરથોસ્તી ધર્મ ક્ષ્નૂમ સીરીઝ નાં૦ ૨' માં ખુલાસેવાર જણાવવામાં આવ્યું છે, અને કુસ્તી અવસ્તાના કલામોના સ્તોતને કેમ પકડી રાખે છે એ બીના 'જરથોસ્તી ધર્મ ક્ષ્નૂમ સીરીઝ નાં૦ ૩' માં ખુદાના ચાહવાથી જાણીશું ત્યારે આ બેઉ આલાતો આપણને કેટલા બધાં ઉપયોગી થઇ પડે છે, તથા "સુદરેહ કુસ્તી" પહેરાવવાની "નવજોત" નામની ક્રીયા કેટલી બચી પાયા તરીકે એક બરજીસી જીરમના ઉરવાંન માટે હોવી જોઇએ તેનો ખ્યાલ આપણે કરી શકીશું.

હાલમાં ફક્ત આટલુંજ આપણે યાદ રાખીશું કે, કુસ્તી હમેશાં સરોશની ક્ષ્નૂમન સાથનીજ થવી જોઇએ. સરોશની ક્ષ્નૂમન સાથની કુસ્તી ક્યાંથી બંદગી માટે સરોશના સ્તોતનો સીલસીલો આપણે પકડી લઇએ છીએ, અને કુસ્તી મારફતે સરોશનાં સ્તોતનો સીલસીલો સંધાયા પછી અકસડાત બંદગીને લગતા તમામ સ્તોત પોતપોતાને લાયક ઠેકાણે પહોંચવા માંડે છે, અને બંદગીની અંદર "યજ" યાને એકતાન કરવામાં

આવેલા યઝદો તરફના પ્રવાહો સરોશની મારફતે તથા કુસ્તી મારફતે બંદગી કરનારને આવી મળે છે. આ રીતે ત્યારે—આપણા **બીશ્ર સાથે કુસ્તી, કુસ્તી સાથે સરોશ, અને સરોશ સાથે યજદી પ્રવાહો**—આમ અખંડ સીલસીલો ચાલુ થઇ શકે છે, અને તેટલા માટે "સરોશની ક્ષનૂમન" સાથની કુસ્તી જે હાલમાં પુષ્કળ આજુરફરોની સાથે સાથે ભુલી જવાયલી છે, તે ફરીથી આપણે અમલમાં મુકવાની કાળજી રાખ્યે એવી દુવા ગુજારીશું.

(૩)

બંદગી દરમ્યાન સરોશ સાથનું જોડાણ; બંદગોનો જવાબ લાવી આપનાર સરોશ; આતશબેહેરામમાં જવાના ફાયદા.

હવે આપણે બંદગી વખતે સરોશ સાથનું જોડાણ કેવી રીતે થાય છે તે બાબદ ઉપર આવીશું.

આ બાબદ સમજવા માટે "બંદગી એટલે શું, બંદગી કેવી રીતે કરવી જોઇએ, તથા બંદગીની અસરો જરથોસ્તી દએન પ્રમાણે કેવી રીતે આવી મળે છે," વગેરે બહુજ સમજવા લાયક બાબદ ઉપર ખાસ લખાણોની જરૂર છે, માટે બંદગી વખતે સરોશ શું કાર્ય બજાવે છે તે સહેજ ધ્યાનમાં લઇને સંતોશ પામીશું. આપણી દરેક ન્યાએશ યશ્ત સાથની બંદગી વખતે આપણે યજદી સ્તોતના પ્રવાહો સાથે "યજમહદે" યાને એકતાન (attune) થઇએ છીએ. આવી રીતે જ્યારે ખરેખરી અશોઇ સાથની બંદગી વખતે એક બંદગી કરનાર જરથોસ્તી યજદો તરફથી આવતા પ્રવાહો સાથે એકતાન થાય છે, તે વખતે તે યજદો તરફથી મલતો નાદ સંભળાવવાનું કાર્ય સરોશ યજદ બજાવે છે. જે પ્રમાણે ક્રિયાકામમાં "યથા અહૂ વઇર્યો જઓતા ફ્રામે મૂતે" શબ્દો ભણતી વખતે એક જઓતા રાથવીને જવાબ આપે છે કે "અથા રતુશ અષાત્ ચિત્ હચ ફ્રા અષવ વિદ્વાઓ મ્રઓતૂ",—તેજ પ્રમાણે કોઇબી ન્યાયશ યા યશ્ત ભણતી વખતે ઉપલા શબ્દો ઉચ્ચારતાં તે ચોકસ યજદના પ્રવાહમાંથી મલતા સ્તોતના જવાબ (response) નો સંભળાવનાર સરોશ યજદ છે, અને બંદગી કરનાર આવી વખતે જે કાંઇ સ્તોતનો જવાબ બંદગી દરમ્યાન મેળવે છે તે પોતે સરોશના નાદ તરીકે તેને આવી મલે છે. આવી રીતે અશોઇ પરહેજગારીથી કીધેલી અવસ્તાની બંદગી તે ભણનાર શખ્સને કેવી અણદીઠ રીતે મદદ કરતા થઇ પડે છે તે આપણને સહેલાઇથી સમજ પડે છે.

એજ પ્રમાણે આતશબેહરામ જેવાં મકાનની અંદર, જ્યાં આતશબેહરામ સાહેબ તખ્તનશીન કીધેલા હોય છે, ત્યાં સરોશનો નાદ ચાલુ આવ્યા કરે છે. આ અગાઉ "આતશબેહરામની બુલંદી" વિષેના મુજ બાકસાર તરફના જાહેર ભાષાણોની હારમાળા વખતે "આતશે વરહરાન" તથા "સરોશ" વચ્ચે કેવો અતલગનો ધાડો મજબુત સંબંધ છે, તે સમજાવવામાં આવ્યું હતું. આવી રીતે ત્યારે આતશબેહરામના મકાનમાં સરોશનો નાદ ચાલુ આવતો હોવાને લીધે આતશબેહરામના મકાનમાં કીધેલી બંદગી વધુ અસરકારક થઇ પડે છે, એમ આપણે સહેલાઇથી સમજી શકીયે છીયે, અને આ આપણો અનુભવ પણ છે કે આતશબેહરામનાં મકાનમાં જઇ આવ્યા પછી આપણને કઇ અજાયબ પ્રકારની અંતઃકરણની ખુશાલી તથા મનની શાંતી વીગેરે માલમ પડે છે.

(૪)

સરોશ તરફથી મલતી બસારત;
બસારત મેળવવા માટે "અહુ" ખીલવવાની તથા ખાલેસ અંતઃકરણવાળાં (Sincere) થવાની જરૂર;
સરોશથી મળતી બસારત માટે અવરતાના પુકરાઓ.

આપણે સાધારણ રીતે સાંભળતા આવ્યા છીએ કે સરોશ યઝદ બસારત કરે છે. "અહુ" ખીલવેલા યાને એક સાચા અંતઃકરણવાળા (Sincere) અશોઇ પ્રમાણે ચાલનાર શખ્સને પોતાનાં અંતઃકરણ તરફથી જે કાંઇ કુદરતમાં છે (what is in nature) તેનું ભાન થાય, યાને કે કોઇ અમુક બાબદમાં કુદરતમાં ઉસુલ્યાતી જે કાંઇ પડેલું છેજ તેની માહીતગારી થાય, તોજ તે ખરેખરી બસારત યાને અગમચેતી કહેવાઇ શકાય, અને આવી ખરેખરી બસારત સરોશ યઝદની મારેફતથી ઉરવાંનના મરતબા પ્રમાણે મલી શકે છે.

એક વાર ઉરવાંન અને કુદરત સરોશની મારેફતથી ગોયા એકતાન થઇને રહે છે, એટલે પછી કુદરતમાં જેબી કાંઇ અમુક કાયદાઓ કાર્ય કરી રહ્યા છે, તે વિષેની માહીતી યાને બસારત તે ઉરવાંન ચાલુ મેલવી શકે છે. બસારત મેળવવા માટે, કુદરતના કાયદાઓને આપણી પોતાની મેળે સમજવા માટે તરીકતો પાલી, "અહુ" યાને અંતઃકરણનો સ્વભાવ ખીલવી, ખાલેસ (sincere) થઇને, બાતેન મીઝ સાચવી, "નારે બસ્ર" નો ફરતો કોટ બનાવી, સરોશ સાથનો સીલસીલો કાયમ રાખવાની જરૂર

છે, અને પછી સરોશનો ચાલુ ઉસુલ્યાલી સ્તોત મળતી વખતે તે ઉરવાંનને કુદરતની દરેક ક્રિયા સમજ પડી જાય છે, અને તેના પોતાના રેહબર (guide) પોતાની સાથે દરેક પળે પોતાની અંદર અને આસપાસ ચાલુ હોય તેમ "ઉશ્તા" યાને ખરેખરી ખુશાલી ઉત્પન્ન થશે. સરોશ યજદ આવી રીતે બસારત આપે છે એમ આપણને અવસ્તામાં ઘણા ફકરાઓ જણાવે છે. ગાથાના હા ૪૪, ફકરા ૧૬ માં યાને કે આપણી "કેમના મજદા" માં આપણે ચાલુ ભણયે છીએ કે—

"કે વેરેથ્રેમ-જા થ્વા પોઈ સેંઘહા યોઈ હેન્તી,
ચિથ્રા મોઈ દામ્ અહુમબીશ્ રતૂમ્ ચીજ્દી,
અત્ હોઈ વોહુ સ્રઓષો જન્તુ મનંઘહા,
મજ્દા અહ્માઈ યહ્માઈ વષી કહ્માઈ ચીત્."

યાને "તારા પાસબાની કરનારા ગાલેબ કલામો જે છે તે કયા છે? (દરેક આલમમાની ઉરવાનની) હૈયાતીઓને માટે અય મઝદા! તું મને એક ડહાપણવાળો રાહબર બતાવ. જે કોઇને તારે માટેની તલબ થાય છે, તેને માટે બહમન સાથનો સરોશ યઝદ જવાનોજ." આ ફકરો ઘણોજ અર્થસુચક છે, અને હોરમઝદની તલબ રાખનાર માટે ઉલવુજ્જુબ (Law of Nature) ને કાયદે સરોશ યઝદ જવાને બંધાયલોજ છે, આમ જાં વખશુરે વખશુરાન સાહેબ આપણને જણાવે છે, યાને કે ઉરવાંનની લાયકાત તૈયાર થતાંને વાર સરોશે તે ઉરવાંન માટે બસારત આપવા અને ચાલુ પાસબાની કરવા કુદરતી કાયદે જવુંજ જોઇએ. એજ પ્રમાણે હોરમજદ યશ્તમાં ગાયા "કેમના મજદા" ના આ ફકરાને ટેકો આપ્યો હોય તેમ જણાવવામાં આવ્યું છે કે-

"યજ્એષ માંમ્ જરથુશ્ત્ર પઈતિ-અસ્ને પઈતિ ક્ષફ્ને યસો બેરેતા-ઓયો જઓસ્રાઓયો, જસાની તે અવંઘહેચ રફ્નંઘહેચ, અજેમ્ યો અહુરો મજદાઓ, જસાઈતી તે અવંઘહેચ રફ્નંઘહેચ, યો વંઘહુશ સ્રઓષો અષ્યો, જસાઓન્તી તે અવંઘહેચ રફ્નંઘહેચ, યાઓ આપો, યાઓસ્ચ ઉર્વરાઓ, યાઓસ્ચ અષાઉનાંમ્ ફ્રવષયો."

યાને "અય જરથુશ્ત્ર! યસ્નને માટે લઇ જવાયલી જોર સાથે તારે મને દહાડો અને રાત ઇજ્યો જોઇએ. તુંને મદદ અને ખુશાલી આપવાને માટે હું હોરમજદ પોતે આવવાનોજ, તુંને મદદ અને ખુશાલી

આપવાને માટે ભલો અષો સરોશ યજદ આવે છે. તુને મદદ અને ખુશાલી આપવાને માટે પાણી, ઝાડપાન, તથા "અષાઉનાંમ ફ્રવશીનાંમ" ના ઉરવાનો આવે છે."*

આવી બમારત આપવા માટે સરોશ યજદ અશોઇથી લાયક થયલાં ઉરવાંન આગળ આવે છે, એ બીનાને લગતા ફકરાઓ "ઇલ્મે ક્ષ્નૂમ" ને આધારે આપણે સમજીએ છીએ ત્યારેજ અવસ્તાના હાલ બચી રહેલાં લખાણોમી કેવાં નીયમાત (Systematic) સીલસીલા ધરાવનાર (consistent) તથા ઉંડી ફીલસુફીથી ભરપુર છે તે બાબેનો આપણો એતકાદ મુસ્તકીમ થાય છે.

(૫)

"દરૂજીઓ" ઉપર સરોશનું ગાલેબ આવવું—તમામ જાતની અવસ્તામાં જણાવેલી "દરૂજીઓ"—સરોશ યશ્ત પ્રમાણે દરૂજને ઘણોજ મારી હઠાવનાર સરોશ યજદ.

હવે જીંદગી દરમ્યાન સરોશ યઝદ એક અશોઇને માર્ગે ચાલનાર ઉરવાનનો "દરૂજી" શક્તિઓ સામે ચાલુ બચાવ કરે છે એ બાબદ ઉપર આપણે આવીશું. આ બાબદ માટે તમામ જાતજાતની દરૂજીઓ આપણા ઉરવાંનને આગળ વધવામાંથી કેવી રીતે હંફાવીને અટકાવ કરે છે તે બાબદ બરાબર સમજવી જોઇએ છે. જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમ આપણને શીખવે છે કે, આ દુન્યામાં "જુજ" યાને (Law of polarity) બે યા વધુ ચીજ એકમેકની સામે કાર્ય કરીને પરીણામ લાવવાનો કાયદો, તથા "જુફ્ત" (Law of duality) બે યા વધુ ચીજ એકમેકની સાથે મળીને કાર્ય કરીને પરીણામ લાવવાનો કાયદો—આ બે કાયદા કાર્ય કરે છે; અને એ બે કાયદાઓને આધારે "અસરે રોશની" તથા "અસરે તારીકી" નામની બે અસરો ચાલુ કાર્ય કરે છે. "અસરે રોશની" ની બાજુ હમેશા આપણા ઉરવાંનને "હસ્તી" તરફ (Unfoldment) નો માર્ગ લેવામા મદદ કરે છે,

* અલબત્તાં આ ફકરો ઘણોજ રમ્જથી ભરપુર છે, અને ઝાડપાન યાને ઊરવર, પાણી તથા "અષાઊનામ" ને લગતા ફરોહરો મદદે કેવી રીતે આવે છે તે સમજાવવા માટે એક લંબાણ લખાણની જરૂર છે, પણ આં આપણાથી તેની તાવીલ છેક ઊંડાણથી આપી શકાતી નથી.

જ્યારે "અસરે તારીકી" આપણુને સ્થુલ હાલતમાં રાખી "નીસ્તી" (Infoldment) તરફજ ખેંચેલા રાખે છે. આ બાબદ વિષે ઇલ્મે ક્ષ્નૂમ સીરીઝ નં૦ ૧ માં જે ઇશારાઓ કરવામાં આવ્યા છે તે ઉપરથી ઘણાકો એ બાબદ સમજી શકયા હશે.

તમામ જાતની દરૂજીઓ, જેનાં નામો જુદી જુદી યશ્તોમાં મળી આવે છે, તે બધી દરૂજી "અસરે તારીકી"ને લગતી છે. પતેત પશેમાનીમાં જણાવેલી "દરૂજીએ હેહેર" યાને "દરૂજીએ હીખ્ર" જે બાલ, નખ, થુક, લોહી, પરૂ વીગેરે શરીરમાંના નજીસાતો (excretions) ની અંદરના પ્રવાહોને લીધે ઉત્પન્ન થાય છે; ખુરદાદ યશ્તમાં| જણાવેલી દરૂજીએ "હુષી," તથા દરૂજીએ "ઘષી" જેવી

| ખુરદાદ યશ્તનો તે ફકરો આ મુજબ છે:—

યો અએવાંમ્ દએવનાંમ હજંઘરાઈ હજંઘરો પઈતિશ, બએવરાઈ બએવનો, અહુંક્ષ્તાઈ અહુંક્ષ્તયો પઈતિશ, નામેનિ અમેષનાંમ્ સ્પેન્તનાંમ્ હઉર્વતાતો જ્ બયોઈત, નસમ્ જનત, હુષિ જનત, ઘષિ જનત, સએને જનત, બૂજિ જનત.

યાને, "જે કોઇ આએ હજાર ઘણા હજાર, દશ હજાર ઘણા દશ હજાર, તથા બેહદ ઘણા બેહદ દેવોના (હુમલાની સાંભે થવાને માટે), અમશાસ્પંદોમાંથી ખોરદાદનાં નામને યાદ કરે તો (તે શખ્સ) **નસુશ** (દેવ) ને મારે, **હુષિ** (દેવ) ને મારે, **ઘષિ** (દેવ) ને મારે, **સએની** (દેવ) ને મારે, તથા **બૂજિ** (દેવ) ને મારે."

ઉપલો તરજુમો આપ્યા પછી, મરહુમ એરવદ કાવસજી કાંગા ફુટનોટ આપે છે કે, "એ બોલ (કાળા છાપેલા) નો ખાતરી ભરેલો ખોલાસો જણાયો નથી; ચોકસ જાતની ખરાબી કરનારા દેવોનાં નામ હોવાં જોઇએ." ત્યારે જે ખોલાસાઓ ફકત ભાષાશાસ્ત્ર (Philology) આપી શકતી નથી, તે ખોલાસાઓ જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમ કેવી અકલપસંદ અને સાયન્ટીફીક રીતે આપે છે તે ઉપર આપેલા દરૂજીઓનાં વર્ણન (Definitions) ઉપરથી આપણે બરોબર જોઇ શકયે છીએ. જે મુજબ હાલની દરેક સાયન્સ પોતપોતાને લગતા ખાસ અર્થ ધરાવનારા લોગતો (Technical terminology) ધરાવે છે તેજ મુજબ આપણાં અવસ્તા લખાણો ખાસ અર્થ ધરાવનારા પુષ્કળ લોગતો (Technical terms) ધરાવે છે, જે તેના અસલ મુળ (original) અર્થમાં સમજયાથીજ અવસ્તાના રમ્ઝથી ભરપુર લખાણો ખુલ્લાં થઇ જાય છે એમ જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમ બાર મુકીને જણાવે છે.

ખરાબમાં ખરાબ દરૂજીઓ, અને દરૂજીએ "**નસુ**" યાને મુરદાળ ચીજોને અડકવાથી તથા મુરદાળ ચીજો જેવી કે ગોસ્ત મચ્છી વીગેરે ખાવાથી ખરાબ પ્રવાહો ઉત્પન્ન થાય છે તે; દરૂજીએ "**બુજી**" યાને દસ્તાન તથા મર્નાને કાયદાસર નહી રાખવાથી જે ઘણીજ બળવાન ખરાબ પ્રવાહની અસરો ઉત્પન્ન થાય છે તે; દરૂજીએ "**સએની**" યાને એક ગામ યા દેશના લોકોના ખરાબ આચારવીચાર તથા રેહેણીકરણીના ગુબારો યાને બંધાયલા અણદીઠ પડને લીધે ઉત્પન્ન થતી નુકસાનકારક અસરો–કે જે દરૂજીએ "**સએની**" ને લીધેજ મરકી, દુકાળ, આફતો, વીગેરે તે દેશમાં આવી પડે છે; જમ્યાદ યશ્તમાં જણાવેલી દરૂજીએ "**પેસીશ**" તથા સરોશ યશ્તમાં જણાવેલી દરૂજીએ "**અએશ્મ**"- આ આઠ જાતની દરૂજી તથા એ ઉપરાંત બીજી અનેક દરૂજીઓની સામે સરોશ યજદ પોતાની પાસબાનીમાં રેહેતાં ઉરવાંનને ચાલુ બચાવ્યા કરે છે. આ હાસેમી યાને મંગળના જડવાદી (materialistic) જમાનામાં આપણી આસપાસ પુષ્કળ આવા પ્રકારની દરૂજીઓ ઉભી રેહે છે, પણ જો અશોઇ તથા રેહેણીકરણી અને વિચારઆચારોથી ઉરવાંનને "**નાફે બત્ર**" ની શક્તિ ધરાવીને સરોશના હવાલામાં આપણી જીંદગી દરમ્યાન સોંપવામાં આવ્યું હોય, તો પછી આ દરૂજીઓ, ઉરવાનની આસપાસના "નાફે બત્ર" ના કીલ્લાને લીધે, તથા બુફ્તને કાયદે તેની સાથે કાર્ય કરતા "સરોશ," આ બેના સામટા બચાવને લીધે, તે ઉરવાન ઉપર દરૂજીઓ સહેજબી ફાવી શકતી નથી. આપણે શરૂઆતમાં જોઇ ગયા છીએ કે "**નાફે બત્ર**" ની શક્તિ ધરાવનાર ઉરવાંન "દરૂજી પુરૂ" યાને દરૂજી સામે ટક્કર ઝીલનારૂં થઇ શકે છે, અને વળી જો સરોશનો નાદ તે ઉરવાનને આવી મલ્યો તો પછી તમામ દરૂજી તે ઉરવાન આગલ બીલકુલ લાચાર થઇને આજેજ થઇ પાછી હઠી જાય છે. એક ઉરવાંનને પોતાના હસ્તીના માર્ગમાં આગળ વધવા માટે ચોકસ વખત સુધી દરૂજી સામે જે રીતના મજબુત બચાવની જરૂર પડે છે, તેવો બચાવ સરોશ યજદ તરફથી મળતો હોવાથી સરોશ યજદને "સરોશ યશ્ત હાદોખ્ત" માં "**યો દ્રુજેમ જધ્નિશ્તો**" યાને "દરૂજને ઘણોજ મારી હઠાવનાર" તરીકે ઓળખાવ્યો છે, અને "સરોશ યશ્ત વડી" તથા "સરોશ યશ્ત હાદોખ્ત" બેઉ યશ્તોમાં "દરૂજીએ અએશમ" સામે સરોશ યજદ ખાસ લડત કરે છે તે બાબે ઘણા ફકરાઓ આપણને મળે છે.

"દરવંદ" તરીકે કોણ ગણાય?–
"દરવંદ" સામે બચાવ કરનાર: "સરોશ યજદ."

અણદીઠ દરૂજી શક્તિઓ જે પોતાની મેળે ઉરવાંનને હરકત કરવા માંગે છે તેઓની સામે સરોશ યજદ બચાવ કરે છે, એટલુંજ નહી પણ તે ઉપરાંત પોતાની ઇરાદતી યાને મરજી શક્તિનો ખોટી રીતે ગેરઉપયોગ કરીને બધી દરૂજીઓની સાથે સાંધન કરીને દુન્યામાં ખરાબી કરનારા પાપી જાદુગરો જેવાઓની સામે પણ સરોશ યજદ બચાવે છે. આવા લોકોને આપણાં ધર્મમાં "દ્રવંદ" તરીકે ઓળખાવવામાં આવ્યા છે. આ "દરવંદ" શબ્દનો અર્થ તેના અવસ્તા મૂળ (દ્રુ=દોડી જવું to run) ઉપરથી "અશોઇના માર્ગથી દૂર જનાર," "દીનનાં ફરમાનોથી ઉલટો ચાલનાર" એમ અર્થ થાય છે, પણ "ઇલ્મે ક્ષ્નૂમ" જણાવે છે કે, જે જે તમામ દરૂજી શક્તિઓ ગનામીનો યાને એહરેમન તરફની છે, અને "અષ" યાને વ્યવસ્થાના કાયદાથી ઉલટી જનારી છે, તે તમામ દરૂજી શક્તિઓનો ઉપયોગ કરનારાઓ "દરવંદ" તરીકે ઓળખાયલા છે. ઉપર જણાવેલી અનેક જાતની દરૂજીની પરહેજી નહી કરનારાં, તથા "અસરે તારીકી" યાને એહરેમની તરીકા મુજબ ચાલીને ખરાબ મંત્રોની મારફતે લાંબા બાલ તથા નખના પ્રવાહોને આમેજ કરીને, કુદરતના વૃદ્ધિના કાર્યની વીરૂદ્ધ જતા "સ્તોત" બરપા કરીને, કાલબુદો યાને આકારો ઉભા કરી (કે જે કાલબુદોને આપણે "દેવો" ના નામથી ઓળખ્યે છીએ) તે ખરાબ નુકસાનકારક કાલબુદો યાને "દેવો" પુજનારા, તેમજ **જરથોશ્તી થઈ જરથોશ્તી ધર્મએ મના કીધેલા મુર્તિપુંજા, માનતા, પીરપુજા વીગેરે કરનારાઓ,** તથા જરથોશ્તી દએનના અશોઇના કાયદા મુજબ નહિ ચાલનારાઓ સર્વેને "દરવંદ" તરીકે ઓળખાવેલા છે. આવા "દરવંદો" એક અશોઇને માર્ગે ચાલનાર ઉરવાંનને સહેજબી હરકત નહી કરી શકે એવો સરસ બચાવ અને સંભાળ "સરોશ યજદ" રાખે છે.

"તત દ્રવતો દ્રવતાંમ્ ઉરવતો પઈતિ દારેશ્ત; તત્ દ્રવતો દ્રવ-ઈત્યાઓસ્ચ અષી, ઉષી, કરેન, ગવ, દવરેથ, હીઝુ, દેરેજવાન, પઈરી–ઉર્વએશ્તેમ."

સરોશ યસ્ત હાદોખ્તમાં કહ્યું છે કે, "(સરોશ યજદના સીલસીલા સાથની) ખરેખરી બંદગી દરવંદોમાંના જોરાવર દરવંદની સામે એક બચાવ છે. આવી સરોશ સાથની બંદગી મરદ–દરવંદ તથા સ્ત્રી–દર-

વંદની આંખમાંથી નીકલતા ખરાબ પ્રવાહો, ખરાબ શક્તિ વાપરવાની તેઓની હુશ્યારીને, તથા ખરાબ સ્તોત મેળવવાની કાનની શક્તિને, આસપાસ ઢાંકી નાંખે છે, યાને તેઓના હાથ, પગ, તથા મહોંડાને બેડી મીસાલ અશકત બનાવી નાખે છે, જેથી તે "દરવંદો" પોતાના બદ કાર્યમાં ફાવી શકતા નથી."

એજ પ્રમાણે "માંજઈની દેવો" તથા "તમામ દેવોને" મારી હઠાવવામાં સરોશ યજદ બહુજ ફતેહમંદી સાથે કાર્ય બજાવે છે એમ સરોશ યશ્ત વડીમાં આપણે ભણયે છીએ. આવી રીતે તમામ દરૂજી તથા દરવંદો અને જાદુગરોની અસર સામે સરોશ યઝદ એક ફત્તેહમંદ ઢાલ મીસાલ એક અશોઇને માર્ગે ચાલનાર ઉરવાંનની પાસબાની ચાલુ દર પળે કર્યા કરે છે, તો પછી જીંદગી દરમ્યાન સરોશ યઝદ સાથનો સંબંધ આપણે દરેક જણે સાંચી રાખવા માટે કેટલી બધી કાળજી રાખવી જરૂરની છે તે આપણુને ખુલ્લી રીતે જણાઇ આવે છે.

(૬)

"સરોશ" નું તુટવું તથા લાગુ નહિ પડવું— "સરોશ" કોણ કોણને લાગુ પડી શકતો નથી— પોતાના ધર્મની તરીકતો મુકી દઈ, બીજા ધર્મોની તરીકત મુજબ અમલ કરનાર બસ્તે-કુસ્તીઆન ઉરવાંનની મરણ બાદ જોખમદારી.

હવે સરોશ સાથનો સંબંધ કેવી રીતે તુટી શકે છે, તથા કેવી કેવી હાલતમાં "સરોશ" એક ઉરવાંનને લાગુ પડી શકતો નથી એ બાબદ સહેજ ધ્યાન ઉપર લઇશું. ટુંકમાં જો કહયે તો, આ સમજવાનું તદન સહેલું છે, કારણકે દરૂજી શક્તિ અને સરોશ એ બેઉ સાથે કદીબી રહી શકતાં નથી, કારણકે તેઓ એકમેકથી તદન ઉલટાં અને જુદાં (Contradiction in Ideas) છે અને તેટલા માટે જો એક ઉરવાંન કોઇબી પ્રકારની દરૂજીનો ભોગ થઇ પડે છે—દાખલા તરીકે બાલ ખુલ્લા રાખે છે, યા બાલ તથા નખ જ્યાં ગમે ત્યાં વેર વીખેર કરે છે, એક બીજાના મહોંડામાંનું ખાય છે, યા મહોંડામાં હાથ નાંખે છે, અને બીડી પીને, પોતાના તેમજ બીજાઓના તથા પેદાયશોના ઉસ્તાનને નુકસાન કરનારી "દરૂજી ઇ-ખુબ્યાંસ્પ" ઉત્પન્ન કરે છે, દસ્તાંનની પરહેજી જાલવતાં નથી,

યા તો મનીને ગેરકાયદે વાપરે છે; અથવા તો ઉઘાડે માથે યા ઉઘાડે પગે—યા સુદરેહ કુસ્તી વગર ચાલહાલ કરે છે વીગેરે, અનેક રીતે જો ઉરવાંન જરથોસ્તી અશોઇ અને ઓરેહ જાલવવાની તરીકતો નહી પાળે, તો તેના ખરેશ તુટે છે, યાને કે તે ઉરવાંનને ખરેશ સાથનો સંબંધ હોઇ શકતો નથી, અને મરણ બાદ આવા ખરેશની રાહબરી વગરના ઉરવાંનો અરવાહી આલમના નીચલા તબક્કા ઉપર બહુ હાડમાર થાય છે. વળી એ ઉપરાંત પોતે નામે જરથોસ્તી થઇ બીજા ધર્મવાળાઓની દીક્ષા લેનારાઓ, યાને કે બીજા ધર્મોની તરીકત પાળવા માટેનો કૉલ લેનારાઓ, તથા તેમાં દાખલ (initiate) થઇ તે તરીકતો પ્રમાણે અમલ કરનારાઓને "ખરેશ" લાગુ પડતો નથી. "યો દએનો દીસો દએનઆઓ" યાને કે જે ખરેશ યજદને ખરેશ યસ્તમા "દાનંના દાન" યાને કુદરતના અચુક કાયદા "ઉલવુજુબ" શીખવનાર યાને બુલંદમાં બુલંદ દીક્ષા આપનાર, મોટામાં મોટો મીનોઇ રાહબર તરીકેનો એલકાબ આપ્યો છે, તેવણ સાથનું જોડાણ મેળવવાની જરથોસ્તી તરીકતો બાજુએ મુકી, બીજી જીરમની યાને બીજા ધર્મો તથા તરીકાઓની તરીકતો ઉપર અમલ કરવામા આવે તો તે ઉરવાનથી "ખરેશ યજદ" દુરના દુર રહે છે. એ ઉપરાંત ગોસ્ત મછી વીગેરે મુરદાળ ચીજો ખાનારને અથવા તો ચોકસ જાનવરો જેવાં કે ઉંદર, બીલાડી, કુતરાં, વીગેરેનાં મહોડાંની લબ લાગેલી ચીજો ખાનારને, તથા ચોકસ જાનવરોની નજર તથા બો એક શખ્સનાં સમાગમમાં આવવાથી ચોકસ મરતબામાં તેને "ખરેશ" લાગુ પડતા નથી. "ખરેશ" સાચવવામાં આટલી બધી બારીકી સમાયલી છે અને તેટલા માટે જરથોસ્તી તરીકતો પ્રમાણેજ જીંદગી ગુજારવી કેટલી બધી જરૂરની છે, તે આપણને સહેજ હાં સમજ પડી જાય છે.

(૭)

ક્રિયાકામના પાયા તરીકે ખરેશનું કાર્ય—મોબેદનો પોતાનો "ખરેશનો અમલ."

જીંદગી દરમ્યાન ખરેશની પનાહમાં રહેવા માટેની આ છ બાબદો ધ્યાનમાં લીધા પછી હવે એક અગત્યની સાતમી બાબદ તપાસીશું.

એક ક્રિયા કરનાર મોબેદે તો પોતે ખરેશનાં અમલમાં રહેવુંજ જોઇએ. જે પ્રમાણે આપણી બંદગીનો પાયો ખરેશની ક્ષ્નૂમન સાથની "પાદયાબ કુસ્તી" છે, તેજ પ્રમાણે આપણી ક્રિયાકામનો પાયો મોબેદનો

પોતાનો સરોશનો અમલ તથા સરોશની ક્રિયાઓ છે. કોઇબી ક્રિયા કરવાને માટે બેહેદ સરોશના અમલવાળો હોવો જોઇએ, અને પાવ-મેહેલની દરેક ક્રિયા સરોશની સાથે શરૂ થવી જોઇએ છે. આ બાબદ ઘણીજ અગત્યની છે અને સરોશનો ક્રિયા સાથનો સંબંધ આપણને આપણી મુળ બાબદના ત્રીજા વિભાગ યાને મરણ બાદ સરોશની પનાહ કેવી રીતની હોય છે તે ઉપર લઇ જાય છે.

"સરોશ યશ્ત" પ્રમાણે ગરીબોને પોષણ આપનાર : "સરોશ યઝદ";

સરોશ + સ્તોત : ઉરવાન : : માવતર + દુધ : દુધમળ બાળક.

જન્મતાંને વાર તથા જીંદગી દરમ્યાન સરોશની પનાહમાં જરથોસ્તી ઉરવાને કાંય અને કેવી રીતે રહેવુંજ જોઇએ એ બાબદ આપણે અત્યાર સુધીમા ધ્યાનમાં લીધી છે, અને આપણે ચાલુ જોયું છે કે જે પ્રમાણે માવતરનું દુધ એક જન્મેલાં અશકત બાળકને માટે અગત્યનું અને અવશ્યનું છે, તેજ પ્રમાણે "સરોશ યઝદ" આ નીસ્તીમાં આવી પડેલાં આપણા બરજીસી જીરમના ઉરવાંન માટે ઘણા અવશ્યના છે. "સ્રઓષો અષ્યો દ્રીગુમ ત્રાતો તેમો" યાને "અશો સરોશ યજદ દુરવીશ (અવસ્તા ધાતુ 'દૂર + 'તબઓષ') યાને અસરે તારીકીથી દુર રેહેનાર ગરીબ ઉરવાનને ઘણુંજ પોષણ આપનારો છે." ત્યાં "ત્રાતો તેમો" સૌથી ચહડતા દરજાનો (superlative degree) વીશેષણ છે, તે શબ્દ બતાવે છે કે છેક અરવાહી આલમની શરૂઆતથી "મીસ્વાને ગાતુ" ના તબકાથી યાને કે જ્યારથી ઉરવાંન "નીસ્તી" (Infoldment) માં ઉતરે છે ત્યારથી તે પાછું ઉરવાન "મીસ્વાને ગાતુ" ની પેલી મેર જીરમાની આલમ તરફ "હસ્તી" (Unfoldment) માટેનો માર્ગ લે ત્યાં સુધીના **લાંબા કાળ** સુધી, ઉરવાંનને "સરોશ યઝદ" ના હવાલામાંજ રેહેવું જોઇએ. જરથોસ્તી તરીકત પાળી હોરમજદની દમેદમ તલબ કરનારા દરવીશ યાને ગરીબ ઉરવાનોને સરોશ યઝદ ઉપર જણાવેલા લાંબા વખત દરમ્યાન મીનોઇ પોષણ, કે જે પોષણ "સ્તોત" ના પ્રવાહોનું પોંહચાડવું છે, તે સ્તોત જે ઉરવાંનનો ખોરાક છે તે "સરોશ યજદ" ચાલુ પુરો પાડે છે. "નીસ્તી" માં આવી પડેલું ઉરવાન એક તુરતનાં જનમેલાં દુધમળ બાળક સમાન છે—માતાનું દુધ સ્તોતના પ્રવાહ માફાક છે—અને સરોશ યઝદ પોતે

માળા સમાન છે. આ એક સાધારણ સરખામણી ઉપરથી ઉરવાંન માટે સરોશ યઝદ કેટલો બધો ઉપયોગી અને જરૂરી યઝદ છે, તથા ઉરવાને સરોશનાંજ હવાલામાં ચાલુ કાંય રહેવું જોઇએ તેનો કાંઇક વાસ્તવીક છાપ આપણા મગજ ઉપર પડી શકશે.

અવસ્તા પ્રમાણે

"બનીરથબામી" ઉપરની સરોશ યઝદની સેવા;

હોરમઝદના વાઇસરોય—"સરોશ યઝદ."

બીજા પુષ્કળ ફકરાઓ અવસ્તામાંથી આપણને મળે છે, જે ઉપરથી સરોશ યજદ આ બનીરથબામી ઉપર અહુરમઝદ તરફથી ઉંચી સેવા બજાવે છે તેનો ખ્યાલ આપણે કરી શકયે છીએ. **યો દ્રીગઓશ્ચ દ્રિવ્યાઓશ્ચ અમવત ન્માનેમ્ હાંમ્તાશ્તેમ પસ્ચ-હુ-ફ્રાશ્મો દાઈતીમ્.**" "જે સરોશ યઝદ સુરજ અસ્ત પામ્યા પછી દરવીશ મરદનું તથા ગરીબ દરવીશ સ્ત્રીનું મજબૂત બાંધેલું ઘેર છે." એટલે કે અશોઇને માર્ગે ચાલી દમેદમ અહુરમઝદની તલપ કરનારા અશો મરદ તથા સ્ત્રીના ઉરવાંનને અહુનવરના નાદનાં ૧૦૦૧ નાળાંમાથી આવતા પ્રવાહો જે "**મીસ્વાને ગાતુ**" કે જ્યાં "આતશે માનો કરકો" કાર્ય કરે છે તે તબક્કા આગળ તબદીલ તેહદીલ થઇને સરોશના ચાર્જમાં રહે છે, તે પ્રવાહોના સ્તોત ઉરવાનને આપે છે, અને ખાસ કરીને સુરજ અસ્ત પામ્યા પછી "અસરે તારીકી" ના વધતા જોશને તે ઉરવાંન તરફથી દૂર કરવા માટે સરોશ યઝદ તે ઉરવાંનનાં "કેહરપને" ઘણા અસરકારક સ્તોતથી મજબુત કરી અસરકારક અને ફત્તેહમંદ બનાવે છે.

"યો અનવંઘહુ બદેમ્નો જ્ઞએનંઘહુ નિપાઇતિ મજદાઓ દામાંન,

યો અનવંઘહુ બદેમ્નો જ્ઞએનંઘહુ નિશહુર્વંઈતિ મજ-દાઓ દામાંન."

યાને "જે સરોશ યઝદ ઉંઘાયા વગર જાગૃતપણાંથી હોરમઝદની પેદાયશોનું રક્ષણ કરે છે, જે ઉંઘાયા વગર જાગૃતપણાંથી હોરમઝદની પેદાયશોની પાસબાની કરે છે."

"યો દએનો દિસો દએનયાંઓ વસો-ક્ષથ્રો ફ્રચશઈતિ અવિ-આંમ અસ્તવઈતિમ ગએથાંમ."

યાને "જે (સરોશ યઝદ) દીનનો દીન યાને કુદરતનો અમુક કાયદો શીખવનાર તરીકે પોતાની મરજી પ્રમાણે હકુમત ચલાવતો આ ગેતીની દુન્યા ઉપર ફરતો ફરે છે."

યાને કે હોરમઝદના પ્રતિનિધી (Representative) તરીકે યા હોરમઝદના વાઇસરોય તરીકે સરોશ યઝદ આ ગેતીની દુન્યાની વ્યવસ્થા ઉપર પોતે તેહમતની સત્તાથી હકુમત ચલાવનાર તરીકે મુકરર થયલા છે.

હોરમઝદને મળવાનું કાંઈ સહેલું નથી.

આ ઉપરથી સમજ પડે છે કે હોરમઝદને પહોંચવાનું, તથા હોરમઝદનાં દર્શન કરવાનું કાર્ય કંઇ સહેલું નથી; પહેલવહેલા તેવણના પ્રતીનિધી સરોશ યજદને મળ્યા વગર, સરોશ યજદનાં ચાર્જમાં રહ્યા વગર, હોરમઝદને મળી શકાવાનું નથી, અને તેટલા માટે જો હોરમઝદને મળવાની ખરેખરી અંતઃકરણમાં તલબ થતી હોય તો સૌથી પહેલાં સરોશ સાથનો સીલસીલો જાળવવા માટેની સઘળી તરીકતો જે આપણે અત્યાર અગાઉ જોઇ ગયા છીએ તે તરીકતો પ્રમાણે એક જરથોસ્તી તરીકે જીંદગી ગુજારવી જોઇએ.

"અરવાહી" તેમજ "જીસ્માની" આલમની વ્યવસ્થા રાખનાર મવક્કલ યઝદ: "સરોશ."

સરોશ યઝદ "દસ્તગીરે રવાન."

જે પ્રમાણે મીનોઇ આલમની અંદર વ્યવસ્થા (order) જાળવવાની ખીસ્કારી (function) "અષ" યાને અરદીબહેશ્ત અમશાસ્પંદને સોંપવામાં આવી છે, અને "અહુનવર" નાં નાદમાંથી આવતા "સ્તોત" ને વ્યવસ્થામાં રાખી ઘટતે ઠેકાણે પોહચાડવાનું કાર્ય અરદીબહેશ્ત અમશાસ્પંદ બજાવે છે; તેજ પ્રમાણે "અરવાહી" યાને રૂહાની તથા "જીસ્માની" યાને આ ખાકી આલમની અંદર વ્યવસ્થા જાળવવાનું કાર્ય સરોશ યજદને હસ્તક સોંપવામાં આવ્યું છે, અને "**આતશે મીનો કરકો**" ના મરકજ આગળ ઉપલી આલમો તરફથી આવતા પ્રવાહો તબદીલ તેહદીલ (permute and combine) થઇ મસાવત થયા યાને વણત મીસાલ ગુંઠાયા પછી સ્તોતનો તમામ જમીલો સરોશ યઝદના ચાર્જમાં રહે છે, અને સરોશ યજદ તે બધા સ્તોતને વ્યવસ્થા કરી ઘટતે ઠેકાણે પોહચાડે છે. આ તમામ સ્તોતનાં પ્રવાહોને સાતેસાત કેશ્વર ઉપર ફેલાવનાર સરોશ યઝદ છે, અને તેથીજ સરોશ યઝદ "હફ્તકેશ્વર"

ઉપર હકુમત ચલાવે છે. હોરમઝદને પોંહચવા માટે ત્યારે **"હોરમઝદ"** **"અરદીબહેશ્ત"** અને **"સરોશ"** આ ત્રણનો સીલસીલો જોડવો જોઇએ છે. આ ગેતી ઉપરથી તે છેક અરવાહી આલમની સેવટ સુધી મેહર તથા રશ્નેની મારેફતથી સરોશ યઝદ ઉરવાંનને લઇ જાય છે, અને પછી જીરમાની આલમથી ઉરવાંન અરદીબહેશ્ત અમશાસ્પંદના ચાર્જમાં રહીને હોરમઝદ તરફ જઇ શકે છે. આવી રીતે આ દુન્યા ઉપરથી ઉરવાનને "હસ્તી" તરફ આગળ વધારનાર પહેલવહેલો સરોશ યઝદ હોવાથી તેવણને **"દસ્તગીરે રવાન"** "રવાનને હાથ પકડીને દોરી લેઇ જનાર" (the Guide of the Soul) **"ઉરવાંનના બોમ્યા"** તરીકે આપણી સરોશ યશત વડીની નીરંગમાં જણવેલા છે.

ઉરવાંનને માથે આવી રીતના એક બુલંદ યઝદ રાહબર તરીકે હોરમજદે સરોશને નેમી આપેલા છે, અને સરોશ યઝદની રેહબરી વગર ઉરવાંનથી એક ડગલુંબી આગળ વધી શકાય નહી એ કાયદો જાણ્યા પછી સરોશ સાથે સંબંધ (touch) માં રહેવા માટે સરોશનાં ચાર્જમાં હરહમેશ રહેવા માટે આપણે કેટલી બધી કાળજીથી અશોઇની તરીકત પ્રમાણે જીંદગી ગુજારવી જોઇએ તે વિષેનો મજબુત વીચાર કરી શકયે છીએ.

મરણ બાદ ઉરવાનની પાસ્બાની માટે "સરોશ".

ક્રિયાઓને ઉરવાંન તરફ પોહોંચાડનાર "સરોશ".

હવે આપણે **મરણ** બાદ ઉરવાંનની પાસબાની સરોશ યજદ કેવી રીતે કરે છે તે બાબદ તપાસવાની છે. આ બાબદ ઘણી જાણવા લાયક છે, અને ઘણી લંબાણથી સમજાવવી પડે એમ છે. આ બાબદ માટે "મરણ પછી ઉરવાંનની હાલત"* કેવી હોય છે, તથા પહેલા ત્રણ દીવસ અને ત્યારપછીના વખત દરમ્યાન ઉરવાંન કયા કયા તબકાઓમાં રહે છે; તથા "અરવાહી આલમ" ના તબકાઓ જેવા કે **"ગંજીશી"**, **"કંગદેજી"**, **"વરજમી"** અને પછી **"અપાખ્તર"** તથા **"દાદારે ગેહાન"** વગેરે ખુલાસાથી લંબાણથી સમજાવવાની જરૂર પડે એમ છે.

---

* "મરણ પછી ઉરવાંનની હાલત તથા પહેલા ત્રણ દીવસની ક્રિયાઓ" એ બાબે એક ચોપાન્યું જરથોસ્તી દીનને ક્નૂમ ઇન્સ્તીત્યુત તરફથી ૧૯૧૭ ના સાલમાં મુફત વહેંચવામાં આવ્યું હતું, તેમાં આ બાબદો સમજાવવામાં આવી છે. હજીબી એ ચોપાન્યું ઇન્સ્તીત્યુટના જોઇન્ટ ઑ॰ મેનેજરોને અરધા આનાની ટીકીટ સાથે લખવાથી મળી શકશે.

વળી આપણી જરથોશ્તી ક્રિયાકામો ઉરવાંનને કેવી રીતે મદદગાર થઇ પડે છે તેના સામાન્ય કાયદાઓ (general principles) આપણને જાણવા જોઇએ, અને પછી હાંથી આતશબેહરામની મારફતે બધી ક્રિયાઓના જમીલા યાને જથાને "સરોશ યજદ" પોતાના ચાર્જમાં લઇને રવાનને તરત તે ક્રિયાઓની અસરો પોંહચાડવાનું કેવું મહાન અને અગત્યનું કાર્ય "સરોશ યજદ" બજાવે છે, તથા તમામ ક્રિયાઓ "વરજમી" ના તબકા ઉપર એકઠી થયા પછી ઉરવાંનને સરોશ મારફતે કેવી રીતે પોંહચે છે, એ બાબદ સમજવાની પણ જરૂર છે. વળી જે પળે ઉરવાંન રેહેલત કરે તે પળથી સરોશ બેસાડવાથી શું શું ફાયદા થાય છે, તથા પહેલા ત્રણ દીવસ ત્રણ ઇજશને, ત્રણ વંદીદાદ, ત્રણ સરોશ કરાવવાથી ઉરવાંનને ત્યાં કેવો અગત્યનો ફાયદો થાય છે, ચહારમની બામદાદે દહમ યજદનું આફ્રીનગાન કર્યા પછી સરોશના આફ્રીનગાંનનો કરદો ભણાયાથી ઉરવાંનની અંદર કેવી રીતના ફેરફારો થાય છે, તથા દરેક આફ્રીનગાંન તથા જશન વખતે સરોશનો કરદો શા માટે હમેશાં થવોજ જોઇએ, સરોશની યજશને તથા સરોશની બાજ ધરવાની ખુબીઓ શું શું છે, તથા બીજા બધા યજદોની બાજ માટે ફકત "ચાર દરૂન" લેવાય છે, પણ સરોશની બાજ ધરવાની ક્રિયામાં હમેશા "છ દરૂનજ" કાંય જોઇએ, અને સેવટે હાં જીંદગી દરમ્યાન સરોશ તુટી ગયલા યા સરોશ લાગુ નહી પડે એવાં ઉરવાંનોને મરણ બાદ કેવી હાલતમાં તથા કેટલો વખત સુધી થોભવું પડે છે, તથા તેવા ઉરવાનોને માટે ખાસ (special) સરોશની ક્રિયાઓ શું શું ભાગ બજાવે છે, વીગેરે વીગેરે અનેક બાબદો જયાંસુધી લંબાણથી આપણે સમજયે નહિ ત્યાંસુધી આ છેલ્લી બાબદ સમજી શકાય એમ નથી. તેટલા માટે મારા માનવંત ઉસ્તાદ સાહેબ દસ્તુરાંન દસ્તુર સોષાવરેજ મરજબાનજી સાહેબનો એહેશાન માની, તે માનવંત "સાહેબ દેલાંન" સાહેબો તરફની માનની લાગણી અંતઃકરણમાં તાજી રાખી, વખશુરે વખશુરાંન સાહેબને અંતઃ-કરણથી યાદ કરી દાદાર હોરમજદના શુક્ર ગુજારી, હમદીનોમાં અસરે રોશનીના મીશ્ર તથા માંશ્ર સદા ચાલુ વધ્યા રહે એવી દુવા ગુજારી આજના મુબારક રોજે આજનો વિષય આપણે ખતમ કરીશું! આમીન! આમીન!!

જરથોશ્તી ધર્મની ઉંડાણ ફીલસુફી તથા ક્રિયા-કામોની બારીક સમજણ આપનારૂં
જરથોશ્તી 'ઈલ્મે ક્ષ્નૂમ' ઈન્સ્તીત્યુત.

(સ્થપાઇ તેશ્તર તીર માહ સને ૧૨૮૦ યજદેજરદી, ડીસેમ્બર ૧૯૧૦ ઇસવી.)

તેની મુળ નેમો અને કાયદા કાનુનો.

૧. નામ—આ ઇન્સ્તીત્યુતનું જરથોશ્તી "ઇલ્મે ક્ષ્નૂમ" ઇન્સ્તીત્યુતનાં નામથી ઓળખવામાં આવશે.

૨. મૂળ નેમો—આ જરથોશ્તી "ઇલ્મે ક્ષ્નૂમ" ઇન્સ્તીત્યુતની મૂળ નેમો આ પ્રમાણે રહેશે:—

(૧) ગાથાના ૪૮ માં હામાં જણાવેલું **"ક્ષ્નૂમ"** યાને અહુરમજદને પીછાણવાની ખુશાલી આપનારૂં જ્ઞાન જેમાં **"તરીકત, મારેફત, હકીકત, વહેદાન્યત"** આ ચાર વિભાગો સંપૂર્ણ રીતે સમાઇ જાય છે, તે ખાલિસ અસલ જરથોશ્તી ધર્મનું જ્ઞાન પારસી જરથોશ્તી કોમમાં ફેલાવી, કોમને કુદરતના અશોઇના કાયદા પ્રમાણે દરરોજની જીંદગી ગુજારવા માટે શિક્ષણ અને જ્ઞાનની મદદથી માર્ગ મોકળો કરી આપવો.

(૨) જરથોશ્તી ધર્મની ખાલિસ ઉંડાણ ફીલસુફી તથા ક્રીયાકામોની બારીક સમજણ આપી, જરથોશ્તી ધર્મ જે તમામ કુદરતના મહાન કાયદાઓ વિષેનુંજ શિક્ષણ છે તે ધર્મનું રહસ્ય સમજાવી, જરથોશ્તીઓની પોતાના ધર્મ તરફની જાનફેશાની સદા મુસ્તકીમ રીતે વધતી રહે, તથા તેઓ પોતાથી બનતી કોશિશ કરી અશોઇની તરીકતો પાળીને કુદરતી કાયદાનુસાર જીંદગી ગુજારવામાં આગળ વધે એવી સગવડ આપવી.

(૩) જરથોશ્તી ધર્મક્રીયાઓથી થતી અસરો તથા તેના ભેદોની સમજણ આપી, જરથોશ્તી ધર્મક્રિયાઓ જે બધી—બરેશ્નુમ, નીરંગદીન, હમાયશ્ત, વંદીદાદ, ઇજશ્ને, પાસ્તા, બાજ, આફ્રીનગાન, વગેરે વગેરે—કુદરતના અચુક ગુહ્ય કાયદાઓ ઉપરજ રચાયલી છે, તથા જરથોશ્તી ધર્મના ખાસ ઇન્સ્તીત્યુશન જે બધાં—અવસ્તામાંજ બંદગી, આતશ-

બેહરામો, દરેમેહરો, દામમાઓ, ચગડાઓ વગેરે વગેરે—કુદરતના બારીક આયન્તીરીક કાયદાઓ ઉપરજ રચાયલાં છે, તે બધાંને લગતા વાજબી ભેદો તથા ક્રિયાકામોની તરતીબને લગતી અસલ તરીકતો સમજાવી, આપણા યઓજદાથ્રેગરો ક્રિયાઓની ઉંડી મતલબ સમજીને, પોતાથી બનતી અશોઇ પાળીને ક્રિયાકામોથી થતી અસરો બતાવી શકે એવી દિશાએ માર્ગ મોકળો કરી આપવો.

(૪) અઠવાડયે યા પખવાડયે સનીવાર રવીવારે મેમ્બરો માટે કલાસો ચલાવવા.

(૫) ક્રિયાકામો કરવાને લગતી બાબદ વિષેની બારીક સમજણ આપવા માટે યઓજદાથ્રેગરોને વારતે જુદા કલાસો ચલાવવા.

(૬) વરસમાં ત્રણ ચાર—શુક્રગુજારીનાં જશનો—ખાસ કરીને "જમશેદી નવરોઝ," "મહેરંગાન" અને "ફ્રવરદેગાન" નાં જશનો કરવાં.

(૭) જરથોસ્તી "ઇલ્મે ક્ષ્નૂમ" નું ગ્નાન બહોળી રીતે ફેલાવવા માટે સર અવસરે મુંબઇમાં તેમજ પારસી જરથોસ્તીઓના વસવાટવાળા બહારગામોમાં જાહેર ભાષણો આપવાં.

(૮) જરથોસ્તી "ઇલ્મે ક્ષ્નૂમ" નું ગ્નાન "ઇલ્મે ક્ષ્નૂમ સીરીઝ" રૂપે ચાલુ ચોપડીઓમાં છપાવવું, અને અમુક બાબદોનું ગ્નાન ચોપાન્યાં તથા લીફ્લેટો મારફતે ફેલાવવું.

(૯) જરથોસ્તી "ઇલ્મે ક્ષ્નૂમ" નું ગ્નાન લઇને અનેક બાબદોથી વાકેફ થયલા **જરથોસ્તી ઓલમાઓને**—"તાલેબે ઇલ્મ" યાને "જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમની તલબ કરનારાઓને"—જરથોસ્તી ધર્મની મોતેબરી સમજાવવા માટે જરથોસ્તી કુટુંબોમાં મોકલવા.

૩. **ઉસ્તાદ સાહેબ**—આ જરથોસ્તી "ઇલ્મે ક્ષ્નૂમ" ઇન્સ્તીત્યુતના કલાસોનું વિક્ષણ જરથોસ્તી સાહેબ દીલાંન ટોળા તરફથી "ક્ષ્નૂમ" સંપાદન કરી આવેલા ઉસ્તાદ સાહેબ મી૦ બેહરામશાહ નવરોજી શરાફ તરફથી આપવામાં આવશે.

૪. **કલાસોનું ધોરણ**—આ જરથોસ્તી "ઇલ્મે ક્ષ્નૂમ" ઇન્સ્તીત્યુતના કલાસોનું ધોરણ ફકત મોંઢેથી દરેક બાબદો વિષેનું શિક્ષણ આપવાનુંજ રહેશે, અને ઉસ્તાદ સાહેબ મી૦ બેહરામશાહની પરવાનગી વગર શિક્ષણની બાબદની નોંધ કોઇબી મેમ્બરથી કરી શકાશે નહી.

૫. **સવાલો અને લીફ્લેટો**—આ ઇન્સ્તીત્યુતના કલાસોમાં ચાલેલી બાબદો નહી સમજ પડવે મેમ્બરો તે બાબે સવાલો પુછી શકશે, અને કલાસોમાં ચાલેલી અમુક બાબદો અવારનવાર ઘટતે પ્રસંગે લીફ્લેટ રૂપે ખાનગી વપરાસ માટે છપાવી મેમ્બરોને આપવામાં આવશે.

૬. મેમ્બરશીપ અને રાજીનામું.

(૧) આ ઇન્સ્તીત્યુતના કલાસમા ૧૮ અને તેથી વધુ ઉમરના દરેક પારસી જરથોશ્તી ગૃહસ્થ મેમ્બર થઇ શકશે. આવી રીતે મેમ્બર થવા માટે "અરજીનો ફોર્મ" ભરી આપવો પડશે તથા દાખલ થવાની ફી રૂ૧ આપવો પડશે.

(૨) આ ઇન્સ્તીત્યુતના ખરચ તથા નીભાવ માટે દરેક મેમ્બર દીઠ દર મહીને રૂ૧ ની ફી લેવામાં આવશે, અને દરેક મહીનાની ફી તે મહીનાના પહેલાં અઠવાડીયાંમાં આપવી પડશે.

(૩) આ ઇન્સ્તીત્યુતના કલાસમાંથી કોઇબી મેમ્બર પોતાનું રાજીનામું આપી શકશે. આવી રીતે રાજીનામું આપવા માટે બરોબર એક મહીનો આગમજથી રાજીનામું આપવા માટેની અરજીનો ફોર્મ ભરી આપવો પડશે, અને જે મહીનામાં આ ફોર્મ ભરી મોકલ્યો હોય તે મહીના સુધાંની સઘળી ફી વસુલ થયલી હોવી જોઇશે, અને તોજ તે રાજીનામું આ ઇન્સ્તીત્યુતનો વહીવટ કરનારાઓ લેખીત રીતે સ્વીકારશે.

૭. નાણાં વગેરેની ભેટો—આ જરથોશ્તી "ઇલ્મે ક્શનૂમ" ઇન્સ્તીત્યુતને નાણાં વગેરેની જે કંઇ સંગીન મદદ કરવામાં આવશે તે ભેટની પહોંચનો લેખીત સ્વીકાર આ ઇન્સ્તીત્યુતનો વહીવટ કરનારાઓ તરફથી કરવામાં આવશે. સરઅવસરે આ નાદર ઇન્સ્તીત્યુતને મદદ કરવા માટે જરથોશ્તી બાનુઓ તથા ગૃહસ્થોને માનપુર્વક અરજ કરવામાં આવે છે.

૮. આ ઇન્સ્તીત્યુતને લગતો પત્રવહેવાર તથા વધુ વીગતો માટે "ઇલ્મે ક્શનૂમ" ઇન્સ્તીત્યુતનો વહીવટ કરનારાઓને સરનામે લખવું.

૯. ઉપલી નેમો તથા કાયદા કાનુનો ઉસ્તાદ સાહેબ મી૦ બેહેરામશાહ નવરોજી શરાફની પસંદગીથી રચવામાં આવ્યા છે, અને ભવિષ્યમાં જરવાન યાને વખત બદલાવા સાથે આ કાયદા કાનુનો તથા નેમો એવણ સાહેબની પસંદગીથી સુધારા વધારાને આધીન છે, અને ઉપલી સઘળી નેમો સંજોગો તથા વખતને આધીન અનુસાર ઉસ્તાદ સાહેબની મરજીને આધીન રહીનેજ અમલમાં મુકવામાં આવશે.

વધુ વિગતો માટે નીચલે સરનામે લખવું:—

જરથોશ્તી ઈલ્મે ક્શનૂમ ઈન્સ્તીત્યુતનો વહીવટ કરનારાઓ,
જરથોશ્તી ઇલ્મે ક્શનૂમ ઇન્સ્તીત્યુત ઓફીસ,
એરચશા બીલ્ડીંગ, હોર્નબી રોડ, કોટ,
મુંબઇ.